सत्यं वद ॥ ॐ श्री सच्चिदानंद माधवानंद सद्‌गुरुभ्यो नमः ॥ धर्मं चर

# ॥ વેદ રહસ્ય ॥




ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુર્ગુરુર્દેવો મહેશ્વરઃ;
ગુરુ સાક્ષાત્ પરંબ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ.

વર્ષ ૩૯ સંવત ૨૦૭૩ અષાઢ, જુલાઈ– ૨૦૧૭ અંક – ૭



આકરૂ ધામમાં પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીની સમાધીનાં દર્શન કરતાં પ.પૂ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી માહારાજ તેમજ જમરાળા ગામના ફકડાનાથ જગ્યાનાં મહંત શ્રી બટુક સ્વામી મહારાજ

સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦

# વેદ રહસ્ય




સંસ્થાપક : પ. પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષ: ૩૯ / જુલાઈ–૨૦૧૭/ અંક–૦૭


## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૪ | કઠોપનિષદ્<br>કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા) |
| ૮ | શાંતી ને પરમશાંતી<br>ગોહિલ અજીતસિંહ (વસ્તડી) |
| ૮ | ભક્તિ યોગ<br>તંત્રી સ્થાનેથી |
| ૧૦ | વેદાંતની દ્રષ્ટિએ હનુમાન<br>પ.પૂ. બ્રહ્માનંદસાગરજી મહારાજ |
| ૧૧ | બાળ સંસ્કાર શિબિર ચાણોદ<br>કુ.તુલસી મહેશભાઈ ધામેલીયા |
| ૧૩ | કર્મના સિધ્ધાંત<br>વિભૂતી વી. દવે |
| ૧૪ | બાળ કેળવીણી (ભાગ–૧૦)<br>લવજીભાઈ કે. સવાણી |
| ૧૫ | માતા પિતાના સંસ્કારોનું સિંચન<br>ડીનલ એમ. કોશીયા |
| ૧૫ | ગુરૂ પ્રસાદ<br>પરબતસિંહ |
| ૧૭ | કર્મ–ભક્તિ–જ્ઞાનયોગ<br>રેખાબેન આર. મયાણી |
| ૨૦ | ગુરૂપૂર્ણિમા મહોત્સવ સુરત<br>સંકલિત |
| ૨૧ | વેદ રહસ્યની માહિતી<br>તંત્રીસ્થાનેથી |
| ૨૨ | સત્સંગ સમાચાર<br>સંકલિત |


॥ જય શ્રી સચ્ચિદાનંદ ॥

ॐ

## श्री शङ्करदेशिकाष्टकस्तोत्रम्

जगतीमवितुं कलिताऽऽकृतयो विचरन्ति महामहसश्छलत: ।
अहिमांशुरिवात्र विभासि पुरो भव भवशङ्करदेशिक मे शरणम् ॥६॥

હે જગદ્‌ગુરો ! જગતનું રક્ષણ કરવાને માટે અર્થાત્ સંસારસમુદ્રમાં ડૂબતા જીવોને સમુદ્ધાર કરવાને અર્થે પરમાત્માની અનેક આકૃતિઓ - અવતારો કલ્પેલા છે, તે મહાતેજના મિષથી વિચરે છે, તે જ શિવાવતારરૂપ આપ જગદ્‌ગુરૂ સૂર્યની પેઠે અહીયાં સન્મુખ ભાસો છો. હે સુખકર ગુરૂદેવ ! તમો મારુ શરણ (આશ્રય) થાઓ. (૬)


**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત–૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા



## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૮ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.


**લવાજમ, લેખો તેમજ સરનામા**
**ફેરફાર માટે પત્રવ્યવહાર :**
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦


| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



**''ત્રણ દેહથી અગળો કરીને, મોક્ષ ગતિના દેનાર,**
**અતિશય મુને પ્રભુ ભજન પર પ્યાર.**
**પ્રભુ ભજન પર પ્યાર, અતિશય મ્હને.''**

(ભક્તરાજ લજ્જારામ)

તો શું બતાવ્યું ? ધ્યાન રહ્યુંને. શબ્દની મહિમા બતાવી.

**''સદ્‌ગુરુ વચનોના થાવ અધિકારી પાનબાઈ,**
**વચનનો રાખો વિશ્વાસ રે.''**

(ગંગાસતી)

તો કોઈને એમ શંકા થાય કે અમે તો ઘણાં શબ્દો સાંભળીએ છીએ. તોય કેમ છૂટતા નથી. તો એને માટે કહ્યું કે અધિકારી બનો. શું બનો ? બોલો ? અધિકારી. સદ્‌ગુરુના વચનો લેવાના અધિકારી પણ હોવા જોઈએ.

**અધિકારીને જ્ઞાન આવે, આતમ લક્ષ અભંગ,**
**કહે અખો મુમુક્ષુ જનને, સદાય ફળે સત્સંગ,**
**સંગત ત્હેને શું કરે,**
**પન્નકને પય પાન કરાવે, અમૃત રૂપી આહાર,**
**ગુણ ગયો અમૃત તણો રે, તેમાં વાધ્યા તે કોટી વિકાર,**
**સંગત ત્હેને શું કરે,**

(અખા ભક્ત)

પન્નક એટલે સર્પ-સર્પને પય પાન એટલે દુધનું પાન કરાવોને તોય (દુધ) અમૃત વધવાને બદલે શું વધે ? બોલો ? ... ઝેર વધે. કેમ કે એ દુધનો અધિકારી નથી. શું નથી ? બોલો ? ... એમ દેડકાને કમળની પાસે રાખો તો એ કમળનો લાભ નથી લેતો.

**દાદુર વસતો વારી મધ્યે, પેડ કમલની પાસ,**
**કલ્લોલ કરે જઈ કીચમાં,એને નાવે કમલની વાસ,**
**સંગત તળેને શું કરે...**

(અખાભક્ત)

તો અનઅધિકારી જે દેડકો કમળનો અધિકારી નથી. એટલા માટે દેડકો કમળની પાસે રહે છે તોય કમળનો લાભ લેતો નથી. એમ સદ્‌ગુરુના શબ્દો ઘણાંય સાંભળે છે. પણ સાંભળીને લાભ કેમ લેતા નથી. કે એના અધિકારી નથી. એટલા માટે અધિકારી થવું જોઈએ. તો ગુરુ વચનો કગુરુમાં ભગવદ્ ભાવના કરે. ગુરુમાં શું કરે ? બોલો ? કે-

**'ગુરુ સાક્ષાત્ પરં બ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ'**
**'શ્રાવ્યં સદા કિં ગુરુ વેદ વાક્યં'**

સદા શું સાંભળવું ? કે **'ગુરુ વેદ વાક્યં'** ગુરુ જે વેદના વચનો સંભળાવે એને ધ્યાનથી સાંભળવા એની ઉપેક્ષા કરવી નહિ. શું ન કરવી ? બોલો ? ... (ઉપેક્ષા). અપેક્ષા રાખવી કે મને ગુરુ વચન બતાવે એ વચનોથી મારા ત્રિવિધિના તાપ ટળશે. તો કયા કયા વચનો બતાવ્યા યાદ રહ્યું ? બોલો ? કે તમે શરીર છો કે આત્મા છો ? ... (આત્મા). તમે કર્તા છો કે અકર્તા ?...(અકર્તા) તમે જીવ છો કે બ્રહ્મ છો ? ... વ્યાપક છો કે પૂર્ણ છો કે અધૂરા છો કે પૂરા છો ? પરિછિન્ન છો કે વ્યાપક છો ? આ જે શબ્દ સદ્‌ગુરુએ બતાવ્યા એને બરોબર જીવનમાં રાખવા.

**''સદ્‌ગુરુ શબ્દ વિચારતાં, પ્રગટે જ્ઞાન પ્રકાશ,**
**રવિ ઉગે રજની ટળે, હોય અવિદ્યા નાશ.''**
**''સદ્‌ગુરુ સંત કૃપા થકી, ઉપજે નિરમળ જ્ઞાન,**
**શુધ્ધ ચૈતન્ય તુરીયા પદે રહે નિરંતર ધ્યાન.''**

(સ્વામી પ્રિતમદાસજી)

તમે શુધ્ધ ચૈતન્ય તુરીયાતીત સચ્ચિદાનંદ સ્વરૂપ છો. એમાં ધ્યાન ક્યારે જાય કે સદ્‌ગુરુ વચનોનો બરોબર વિચાર કરો. જો ગુરુ કહે ને એનો વિચાર ન કરો ને એમનાન ઉપેક્ષા કરો કે એતો કીધા કરે. મહારાજ કીધા કરે એમ કાંઈ બ્રહ્મ થઈ જવાતું હશે ! એટલા માટે ઉપેક્ષા કરવાવાળા જીવો મુક્ત થતા નથી એ તરતા નથી. જન્મ મરણના ચક્કરમાં ડૂબ્યા કરે છે. એટલા માટે ગુરુ વચને વિશ્વાસ કરવો જોઈએ.

**''જેને હોય ગુરુ વચને વિશ્વાસ,**
**અભય પદ ગુરુ આપશે.''**

**''શ્રદ્ધાવાંલ્લભતે જ્ઞાનં તત્પરઃ સંયતેન્દ્રિયઃ ।**
**જ્ઞાનં લબ્ધ્વા પરાં શાન્તિમચિરેણાધિગચ્છતિ ॥''**

(ગીતા-અ-૪-૩૯)

કે જે સદ્‌ગુરુના શબ્દો સાંભળતો હોય એને ગુરુના વચનમાં વિશ્વાસ હોય કે ગુરુ કહે છે કે 'તું બ્રહ્મ સ્વરૂપ છો' તો શું કરવું ? બોલો ? વિશ્વાસ કરવો કે 'હું બ્રહ્મ સ્વરૂપ છું.' જેમ માતા કહે કે તારા પિતા બ્રાહ્મણ છે તું બ્રાહ્મણ છો. તો પુત્ર માને કે ન માને બોલો ? ... તો માતાનું કહ્યું ન માને તો છોકરાને ખબર પડે કે હું કોણ છું ? એમ શ્રુતિ ભગવતી જે વેદ કહે વેદનું વચન જે ગુરુ શીખવાડે કે**'તત્ત્વમસિ'**

**''વૈશાખે જોતાં વેદમાં, મહાવાક્યનું જ્ઞાન,**
**તત્ત્વમસિ તે તું જ છે, અળગો નહિ અન્ય,**
**સાંભળ શુદ્ધ ચિત્તે કરી.''**

(સ્વામી પ્રિતમદાસજી)

એટલા માટે વેદો કહે છે કે **'તત્ત્વમસિ'** કે 'તું શુધ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ બ્રહ્મ છો.' ભાગ-ત્યાગ લક્ષણા કરીને વિપરીત ભાવ કાઢીને અખંડ બ્રહ્મ સચ્ચિદાનંદ સ્વરૂપનો અભ્યાસ કરવો.

**''अखंडं सच्चिदानंदं महावाक्येन लक्षते ।''**

કે મહાવાક્ય દ્વારા અખંડ સચ્ચિદાનંદ લક્ષ્યાર્થ થાય છે. તો ખૂબ એનો અર્થ મર્મ સદ્‌ગુરુના વચનોમાં વિશ્વાસ રાખીને કરવો અને અજ્ઞાની અશ્રદ્ધા વાળા જીવોનો વિનાશ થાય છે.

**અજ્ઞશ્ચાશ્રદ્દધાનશ્ચ, સંશયાત્મા વિનશ્યતિ,**
**નાયં લોકોઽસ્તિ ન પરો, ન સુખં સંશયાત્મનઃ**

(ગીતા-અ-૪-૪૦)

જે અજ્ઞાની હોય, અશ્રદ્ધાવાળા હોય અને સંશયાત્મા હોય તો અજ્ઞાની રહેવાનું કારણ છે અશ્રદ્ધા. અશ્રદ્ધાથી જીવ રહે ? બોલો ? અજ્ઞાની. ગુરુ તો કહે છે કે "તમે જ્ઞાન સ્વરૂપ સચ્ચિદાનંદ સ્વરૂપ છો." તો લોકો શું બોલે ? બોલો ? કે મહારાજ ! અમે તો અજ્ઞાની છીએ. તો ગુરુ કહે એ સાચું કે તમે કહો એ ? ગુરુના શબ્દો નથી રાખતા કે 'હું ચૈતન્ય સ્વરૂપ છું', 'હું જ્ઞાન સ્વરૂપ છું' એમ સમજવાને બદલે શું કહે છે કે 'હું અજ્ઞાની છું' એટલે પોતે પોતાની મેળે અજ્ઞાની થઈને જીવ ભટક્યા કરે છે. ગુરુના વચનો માનતો નથી. પોતાનો હું પણાનો કક્કો સાચો... એટલે પોતાના કક્કે હાલવાવાળા જે જીવો છે એ મનોમુખી છે એ ગુરુમુખી નથી. એટલે ગુરુના વચને વિશ્વાસ કરતાં નથી એટલે જીવપણું એનું ટળતું નથી.

**''જીવ ટળવાનું હાથ છે જેને,**
**તે પ્રભુ ભાવે ભજીયે,**
**પ્રીતમ કહે સ્વામીને સેવો,**
**અન્ય પદારથ તજીએ રે,**
**સંસારી જીવે પ્રભુ સાથે હેત ન કીધું.''**

(સ્વામી પ્રીતમદાસજી)

તો અહીં ખાસ કરીને કહે છે કે આ શબ્દ આ જ્ઞાન અઘરું છે. જો ગુરુ વચને વિશ્વાસ કરો તો તરત સરળ થઈ જાય. સાધન વગરનું અઘરું હોય સાધન મળે તો સરળ થઈ જાય. એટલા માટે સાવધાન થઈને અધિકારી બનવું ગુરુના વચનમાં વિશ્વાસ દ્રઢ કરવો. અવિશ્વાસ હોવાથી સાંભળી સાંભળીને સાંભળે તોય અંદર ઊતરતું નથી. એટલે ઘણાં એમ કહેને કે અમે વીસ વર્ષથી સાંભળીએ છીએ પણ તોય ઊતરતું કેમ નથી. કે શ્રદ્ધા દ્રઢ કરતાં નથી એટલા માટે–

**''મન કર તું દ્રઢ વિશ્વાસા,**
**તારી સફળ થશે સબ આશા,**
**સદ્‌ગુરુ હૈ સાચા હૈ સાચા ॥ ટેક ॥**
**નરસિંહ મહેતાના નજરે જોયા,**
**પરચા પચીસ પચાસા,**
**તોય નાગરોને નિશ્ચય ન થયો,**
**દુભ્યા હરિન દાસા, સદ્‌ગુરુ હૈ...**
**ગોવિંદ થકી ગુરુ અધિક છે, પ્રગટ વેદ પ્રકાશા,**
**ગાય ભેંસ કા કરે ભરોસા, ઉનકી કરે બરદાસા,**
**નહિં ભરોંસા ગુરુ ગોવિંદ કા દેખો અજબ તમાશા,**
**સદ્‌ગુરુ હૈ...'' મન કર તું...**

(ટેલવા)

તો ધ્યાનથી હવે થોડું યાદ રાખો. તમે બ્રાહ્મણ હો ને દારૂ પીને બોલતા હોવ કે 'હું તો ક્ષુદ્ર થઈ ગયો છું.' હવે એને ક્ષુદ્રતામાંથી મટાડવા માટે શું નક્કી

કરાવવું પડે કે 'તું બ્રાહ્મણ જ છો.' શું કરવું પડે ? બોલો ? બીજું કાંઈ થોડું કાંઈ બીજું કરવાનું કે ખેલ કરવાનો એને બનાવવાનો. કેવળ ભ્રાંતિ થઈ છે ને એ ભ્રાંતિને કાઢવી. એને નશો ચડયો હોય તો નશો ઉતારવા માટે ઘી પાઈ દો તો નશો ઉતરી જાય. એમ આ જીવને મોહનો નશો ચડેલો છે. અજ્ઞાનનો અંધકારનો. જો જ્ઞાન આપે તો અજ્ઞાન શું થઈ જાય ? બોલો ? દૂર થઈ જાય.

**'માયા પડદો દૂર કરે તો,**

**બ્રહ્મ જણાયે સ્પષ્ટ જોને.'**

(ભક્તરાજ લજ્જારામ)

તો શ્રદ્ધા, વિવેક, વૈરાગ્ય, શમદમાદિ સંપત્તિ મોક્ષની ઈચ્છા એ બધા સાધનો છે અને એ સાધન સંપન્ન હોય એ જ અધિકારી કહેવાય છે. અને અધિકારીને આ જ્ઞાન દ્રઢ થાય છે. અનઅધિકારીને જ્ઞાન દ્રઢ થતું નથી. તો જેમ આંખવાળા જ રૂપ જોઈ શકે છે. કાનવાળો જ શબ્દ સાંભળી શકે છે એમ અધિકારીને આ જ્ઞાન દ્રઢ થઈ બ્રહ્મરૂપ બનીને જન્મ-મરણના ફેરામાંથી મુક્ત થાય છે. એટલા માટે આ અત્યંત ઉત્તમ પ્રકારનું આ જે જ્ઞાન છે એને માટે કહ્યું કે **'मृत्युमुखात्प्रमुच्यते'** કે આ જીવને મૃત્યુના મુખમાંથી છોડાવે છે. તો **'હું મરણ રહિત આત્મા છું', 'હું શુદ્ધ બ્રહ્મ છું.'** એવો દ્રઢ અભ્યાસ વારવાર કરવો. જો રંગ, રૂપ, રસ વાળા હશોને તો અવશ્ય મૃત્યુ થશે. ધ્યાનથી યાદ રાખો. શું થશે ? બોલો ? કેમ કે જેનું રૂપ છેને એનો નાશ છે છે ને છે. જેનો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ (હોય) એનો વિનાશ છે. કેમ કે એ વિનાશી વસ્તુઓ છે. એટલા માટે બધાથી રહિત **'હું શુદ્ધ અસંગ, નિર્લેપ આત્મા છું.'** મને કાળ, કર્મ કાંઈ નડતા નથી. એવો વાર વાર અભ્યાસ કરવો. આ રીતે આ ત્રીજી વલ્લીની સમાપ્તી કરતા કહે છે.

**प्रस्तुत विज्ञान की महिमा**

**नाचिकेतमुपाख्यानं मृत्युप्रोक्तम् सनातनम्।**

**उक्त्वा श्रुत्वा च मेघावी ब्रह्मलोके महीयते ॥16॥**

**॥ 1-3-16 ॥**

આ ઉપનિષદ્‌નું ફળ બતાવતા કહે છે કે **'नाचिकेतमुपाख्यानं'** કે નચિકેતને બતાવેલું જે ઉપાખ્યાન છે આ જે કથા છે એ **'मृत्युप्रोक्तं'** કે મૃત્યુ એટલે યમરાજાએ કહેલું છે. સનાતન સુંદર જે જ્ઞાન અને **'उक्त्वा श्रुत्वा च मेघावी'** વિશેષણ દે છે **'मेघावी'** કેવું વિશેષણ છે ? બોલો ? સાંભળીને બોલીને મેઘાવી તમામ દુ:ખમાંથી છૂટીને **'ब्रह्मलोके महीयते'** તો મેઘાવી એટલે બુદ્ધિવાળો કેવો ? બોલો ? ... તો તમે બધા કહો કે બીજા બધા કેમ નહિ ! તો ભેંસને ઉપનિષદ્ સંભળાવે તો લઈ લે ? બોલો ? નો લે. તો એની પાસે શું નથી ? ... બુદ્ધિ અને પાડાને કહે તો એમ ઘણાં અહીં ભેંસ જેવાને પાડા જેવા હોયને એને ગમે એટલું ઉપનિષદ્ સંભળાવો તો અંદર ઉતરે નહિ. કેમ કે બુદ્ધિ ન હોવાથીકે બુદ્ધિ ન હોય એને શું કરવું ? તો 'બુદ્ધિ કર્માનુસારિણી' શું કરવું ? બોલો ? કર્મ સારા કરવા. પેલા સારા કર્મથી શરૂઆત કરવી. નો બ્રહ્મજ્ઞાન થાય તો એમનામ કાંઈ ઊંચી કોટીએ પહોંચાતું નથી.

**'ब्रह्मज्ञान आयो नहि कर्म दियो छटकाई।'**

કે બ્રહ્મજ્ઞાન થાય નહિ ને કર્મ છોડી દે તો બેય તરફથી જાય **'यतो भ्रष्ट ततो भ्रष्ट।'**

એટલે જે લોકો અધિકારી ન હોય એને તો પેલા સારા કર્મો કરવા. શું કરવા ? .... કે-

**तिर्थव्रता त्पवत्त्वा तथैव व्यसनाधिकम्।**

**आश्रय सर्वभावेज्ञ ...................... ॥**

( )

વ્યસન ફેશન છોડી દેવા. કામ, ક્રોધ, લોભ છોડીને ગુરુની સમીપમાં રહીને ગુરુ સેવાનું કર્મ કરવું. જો ગુરુ સેવા કરે તો કર્મ એના બધા બળીને ખાખ થઈ જાય. કેમ કે-

**'દર્શનથી દુષ્કૃત ટળે રે, સ્પર્શતા પાવન થાય રે,**

**બ્રહ્માનંદ સુખ-ઊપજે રે, આવરણ અવિદ્યા જાય.**

**વારી જાઉં વારણે.'**

(અખા ભક્ત)

તો સારા કર્મો કરીને સદ્‌બુદ્ધિ મેળવવી. નિષ્કામ કર્મ કરીને સારી બુદ્ધિ મળે. સારી બુદ્ધિ મળે એને ભગવાન ગમે છે. ભોગ ગમતા નથી. એટલે ભક્તિ કરે, મનને સ્થિર કરવા માટે. શું કરવા માટે ? બોલો ? મન મેલું હોય તો એને ધોવા માટે સારા કર્મો કરે, મન ચંચળ હોય તો એને સ્થિર કરવા માટે ભગવાનની ભક્તિ કરે. પણ કોણ કરી શકે ? બોલો ? કે સારી બુદ્ધિ થાય તો કરી શકે. બુદ્ધિ બગડેલી હોય તો ભક્તિ ગમતી નથી.

**'તારા પ્રગટ્યા છે પૂરણ પાપ,**

**ત્હેને ભક્તિ નથી ભાવતી રે.'**

(મૂળદાસ)

**'પાપ અનેક જન્મનાં આવી મળ્યાં રે,**
**તારી મતિ મલિન થઈ મંદ,**
**તેમાં ભૂલી ગયો ભગવાનને રે.'**

(દેવાનંદ)

મતિમાં બુદ્ધિમાં પાપ વૃત્તિ ભરાય ગયેલી હોવાથી ભોગ વૃત્તિ ભરાય ગયેલી હોવાથી મોહ વૃત્તિ હોવાથી પછી ભક્તિ ગમતી નથી. એટલા માટે પેલા નિષ્કામ કર્મ કરીને બુદ્ધિ સારી મેળવવી. સદ્‌બુધ્ધિ થશે ત્યારે ભક્તિ થશે. તો ભક્તિમાં ત્રણ વાત યાદ રાખો. **'तज्जलनिति शांन्त उपासित ।'** આ બધુ પરમાત્માથી થયું છે. પરમાત્મામાં રહ્યું છે ને પરમાત્મામાં જવાનું છે. એમ માનીને શાંત વૃત્તિ કરવી. બોલો, ઘોડા ઘડીને શું કરી લેવાના છો ? સતને અસત્ કરી શકશો ? અને અસત્‌ને સત્ કરી શકશો ? બે જ વાત યાદ રાખો બરોબર. અસત્ એ સત્ થતું નથી ને સત્ એ અસત્ થતું નથી પછી ઘોડા ઘડવાની શું જરૂર છે. તમારું છે એ પારકું થતું નથી ને પારકું એ તમારું થવાનું નથી.

**'यदस्मदियम् नतत्परेशाम्,**
**तस्मान् शोचामि नविश्वयोमें ।'**

( )

કે મારું છે એ પારકું થતું નથી ને પારકું એ મારું થતું નથી. સત્ એ અસત્ થતું નથી અને અસત્ એ સત્ થતું નથી. જે છે એ જ રહે છે. એટલા માટે સત્-અસત્‌ને ઓળખીને અને સત્‌ને લઈ લો તો જન્મ-મરણના ફેરા છૂટી જાય. અને નય ઓળખો, અસત્‌માં આંટા માર્યા કરશો તો જન્મ-મરણમાં ફેરા માર્યા કરશો. એટલે કરવાને બદલે સમજવાની એટલે જરૂર છે. શું કરવાની ? બોલો ? કાંઈ કોઈને કર્યો અસત્ કાંઈ સત્ થતું નથી ને સત્ કાંઈ અસત્ થતું નથી. એટલા માટે ભગવાનથી બધું થયું છે ભગવાન દ્વારા રહ્યું છે ને ભગવાનમાં લીન થયું છે. **'तज्जलानिति शान्त उपासित ।'** એટલે શાન્ત ભાવ રાખીને ભગવાનની ભક્તિ કરે એટલે મનને શાંત બનાવે. મનના ઘોડા બધા શાંત કરે. જયારે આ અંતઃકરણ શુદ્ધ હોય એટલે વિષયની વાસના અંદર ન હોય ત્યારે શુદ્ધ થયું કહેવાય અને ત્યારે ભગવાન બધે છે એમ માનીને મનને શાંત કર્યું હોય ત્યારે જે ગુરુ શબ્દ બતાવે કે **'तत्त्वमसि'** તો તરત બેસી જાય કે **'હું બ્રહ્મ છું.'** મન વિષયોમાં ભટકતું હોય હું સંસારી છું, હું ભોગી છું ને હું આ પુત્રવાળો છું મારે આમ ફરજ છે ને મારે આમ કરવાનું છે ત્યાં સુધી ગુરુ ગમે એટલું 'હું બ્રહ્મ છું' કીધા કરે પણ 'હું મનુષ્ય છું' એમ જ જીવ માન માન કરે હું અજ્ઞાની છું હું પાપી છું હું અધર્મી છું એમ જીવ અનાદી કાળથી જન્મ-મરણના ચક્કરમાં ભટકે છે. તો આ બધા દુઃખોમાંથી છૂટવા માટે મેઘાવી બનવું મેઘાવી હોય એ શું કરે ? –

**''उक्त्वा श्रुत्वा च मेघावी ब्रह्मलोके महीयते ।''**

કે આ નચિકેતાની કથા મૃત્યુએ (યમરાજાએ) બતાવેલી જે કથા એને બરોબર બોલીને આને સાંભળીને બ્રહ્મલોકમાં પ્રાપ્ત થાય છે. તો **'उक्त्वा'** એટલે એને (આ ઉપનિષદ્) કહેવાવાળો પણ બ્રહ્મલોકમાં જાય છે ને સાંભળવા વાળો પણ.... એટલે બેયને ફળ એક જ બ્રહ્મલોક છે. બ્રહ્મલોક એટલે કાંઈ આઘો લોક એમ નહિ સમજશો. બ્રહ્મ કયાં છે ? બોલો? સર્વત્ર એટલે સર્વત્ર બ્રહ્મ દ્રષ્ટિથી રહે એ એ બ્રહ્મલોકમાં રહ્યા કહેવાય. કયા રહ્યા કહેવાય ? બોલો ? ... તમે બધાને બ્રહ્મ દ્રષ્ટિએ જોવોને તો બધુ બ્રહ્મ લોક થઈ જાય. બ્રહ્મ લોકમાં જવું એટલે કાંઈ આકાશ પાતાળમાં જઈને બેસવું એમ અર્થ ના સમજશો. આગળ-પાછળ, ઉપર-નીચે બધે બ્રહ્મ ભરપૂર ભર્યા છે. એટલે એ બ્રહ્મલોકમાં રહે છે. કોઈ દિ' જગતમાં સંસારી થઈને રહેતા નથી. બીજાને બ્રહ્મ રૂપે જોવે છે ને પોતાને પણ બ્રહ્મ રૂપે જોવે છે આખા જગતને બ્રહ્મ દ્રષ્ટિએ જોવે છે.

**'દેખત સબ મેં રામ હી રામ'**

**'સીયારામ મય સબ જગ જાની,**
**કરહું પ્રણામ જોરી જુગ પાની.'**

(તુલસી દાસજી)

એટલે બ્રહ્મલોક આકાશમાં કે પાતાળમાં છે કે અહીંથી કાંઈ આઘો-પાછો છે એવું નહિ સમજવું. કે એ બ્રહ્મલોકમાં જઈ ત્યાં બેસતા હશે. આખું જગત જ બ્રહ્મ સ્વરૂપ છે. આખું જગત જ બ્રહ્મલોક છે. શું છે ? બોલો ? ... કોને ? જે આ ઉપનિષદ્ સાંભળે સમજે એને.

(ક્રમશઃ)

**વિષયોમાં દુઃખ ભરપૂર ભરેલા છે**
**વિષયોમાં સુખની ભ્રાંતિ થાય છે**
**મન સ્થિર થવાથી સુખ થાય છે**
**મન ચંચલ થવાથી દુઃખ થાય છે**

## શાંતી ને પરમશાંતી

ગોહિલ અજીતસિંહ
(વસ્તડી)

**ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ**

પુજનીય ને વંદનીય પરમકૃયાળુ પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ અનંત શ્રી વિભુષીત મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજના વસ્તડી મુકામે શ્રી માધવાનંદ આશ્રમે કરેલ સત્સંગ કથા પ્રવચન

પરમબ્રહ્મ પરમાત્માની અસીમ કૃપાથી આપણને માનવ જન્મ પ્રદાન કર્યો છે. અને મનુષ્ય જન્મમાં સત્સંગ કરવાનો અધિકાર મળ્યો છે. પ્રત્યેકનો ધર્મ કરવાનો અધિકાર છે તો સત્સંગનો લાભ લેવો.

જીવનમાં આપણે બે કામ કરી રહ્યા છીએ કે શાંતી સારી કે પરમશાંતી તો પરમશાંતી માટે ગ્રહણ કરવાનું છે ને શાંતી માટે છોડવાનું છે. માટે છોડવાથી શાંતી મળે અને ગ્રહણ કરવાથી પરમશાંતી મળે છે અને શાંતી થીજ સુખ ની પ્રાપ્તી થાય છે. જેનુ મન શાંત તેને સુખ મળે છે. તેને સ્વપ્નમાં પણ દુઃખ આવતુ નથી.

જે માન અને મોહથી રહિત હોય છે તેજ તેમ ભગવાન ગીતામાં કહે છે કે મારા પદને મેળવી શકે છે અને ભગવાનને પ્રિય કયારે થઈ શકે છે. જે અંહતા ને મમતા રહિત જે મને ભજે તે મને પ્રિય છે. માટે શરીરનું અભીમાન કરવું નહિ. હું જ શરીર છું. ને આ શરીર જ મારૂ છે તે બધુ છોડવાનું છે માટે અભીમાન કરવું નહિ

**'' રાખમે ખપી જાના બંદા માટી સે મીલ જાના''**

માટે દેહનું અભીમાન તજવાનું છે. તે સત્ય વચનનો વિચાર કરવાનો છે. માટે ધનનું, જનનુ અને યુવાનીનુ અભીમાન ન કરવું આમ કોઈ દિવસ કોઈ કાયમ રહેવાવાળુ નથી અને જ્ઞાન પ્રાપ્ત કરવામાં આવે શ્રધ્ધા થાય તો અંતઃકરણ શુધ્ધ થાય છે. જે મલીનતા છે તે દૂર કરવામાં આવે ત્યારે જ્ઞાન પ્રાપ્ત થાય છે. અંતે હૃદયમાં જેટલો ભાવ વધારે તેટલો પરમાત્મા પ્રત્યે વધારે ભાવના થાય છે. ને તેટલુ જ્ઞાન થાય છે. અને તેને જ પરમશાંતી મળે છે. આમ જ્ઞાનથી પણ પરમશાંતીના ભાગીદાર બની શકો છો.

આમ અભ્યાસથી ને જ્ઞાન થી અને કામના ઓછી થવાથી અખંડ સુખ પ્રાપ્ત થાય છે. માટે હંમેશા કામનાનો ત્યાગ કરવો.

આમ સદ્‌ગુરૂના સત્સંગ દ્વારા સમાગમથી જ્ઞાન પ્રાપ્ત થાય અને જ્ઞાન વડે પરમશાંતી મળે ને આનંદ મળે તેવો પુરૂષાર્થ કરતો રહેવુ જોઈએ. જીવન મુક્ત મહાપુરૂષ જગતને બ્રહ્મમય દેખે છે. ભક્ત જગતને ભગવાનથી ભરેલુ જુએ છે. અને એટલા માટે જ એ બંને સર્વત્ર સર્વત્ર શાંતિ અને આનંદ મળે છે.

આમ આવા સંતોના ચરણોમાં રહેવામાં સુખ, શાંતિ અને પરમશાતિ થી પોતાને ભગ્ય શાળી માને છે.

જયશ્રી સચ્ચીદાનંદ

## ભકિત યોગ

તંત્રી સ્થાનેથી

**ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ**

ભગવાન શ્રીકૃષ્ણ આર્જુનને પાપને માર્ગેથી પાછું વળવા માટે સૌપ્રથમ ઈન્દ્રિયોનું દમન કરવાનું કહી રહ્યા છે. ઈન્દ્રિયોનો સ્વભાવ છે કે વિષયો તરફ દોડી જવું. પણ જે ધીરપુરૂષો હોય છે તે વિવેક વડે વિષયોથી ઈન્દ્રિયોને હટાવી શકે છે. ઈન્દ્રિયો જયાં સુધી વિષયોમાં રમણ કરતી હશે ત્યાં સુધી પાપ ન કરવું હશે તો પણ થઈ જશે. તેથી વિવેક કરી ઈન્દ્રિયો પર વિજય મેળવો. ઈન્દ્રિયો પર વિજય મેળવવા દેહાધ્યાસ છોડો . આ પંચમહાભુતથી બનેલું શરીર મારૂ નથી. હું શરીર નથી, હું શરીરના આધારે નથી. હું પરમાત્માનો છું પરમાત્માને આધારે છું. પરમાત્મા જ મારા છે, હુ પરમકૃપાળુ પરમાત્માની સમાન દિવ્ય છું. બાહ્યા સુખ દુઃખ મને નથી, શોક, મોહ, હર્ષ, ઈર્ષા, અદેખાઈ, લાગણી, બંધન, આદિ વિકાર-વાળો હું

નથી, મારામાં નથી. હું નિર્વિકારી, નિરાકાર, નિરંજન પરબ્રહ્મ પરમાત્માનો એક અંશ છું, હું સચ્ચિદાનંદ સ્વરૂપ દિવ્ય આત્મા છું મારે શરીર સાથે કોઈ જ સંબંધ નથી, હું સ્વાત્મ-સ્વરૂપ છું. મને મોંઘો મનુષ્ય અવતાર મળ્યો છે જે માત્ર બાહ્યા સુખ સાહ્યાબી શરીરને ખુશ કરવા ઈન્દ્રિયોને આરામ આપવા તથા પોતાના જીવનને ગેરમાર્ગે દોરવા માટે નથી, હું એક પરં આત્મા છું માટે પરમાત્મામાં લીન થવાનું છે માટે જન્મ-મરણનાં ફેરાના બંધંનથી છૂટવાનું છે. આવા પ્રકારનાં વિચારો કરવાથી સતત આત્મભાવનું મનન કરવાથી માનવ પાપ માર્ગે જતો અટકી શકે છે, ઈન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરી શકે છે.

બીજું કે પાપને માર્ગેથી અટકવા માટે કામ-ક્રોધને પણ કાબુમાં રાખવા પડશે. કામના એટલે સાંસારિક પદાર્થો પ્રાપ્ત કરવાની ઈચ્છા મુખ્ય ચાર પ્રકારની ઈચ્છાઓ હોય છે.(૧)જાયેષ્ણા (૨) પુત્રેષ્ણા (૩) વિતેષ્ણા (૪) લોકેષ્ણા, આને લઈને માનવ પાપમાં પડે છે જાયેષ્ણા એટલે પત્નીની ઈચ્છા, પુત્રેષ્ણા એટલે પુત્રની ઈચ્છા, વિતેષ્ણા એટલે ધનની ઈચ્છા, અને લોકેષ્ણા એટલે લોકમાં મોટું થવાની ઈચ્છા.

આવી ઈચ્છાઓના પૂર અજ્ઞાની જીવાત્માઓને આવ્યા જ કરે છે ને અજ્ઞાની રહ્યા કરે છે. આ ઈચ્છાઓને લઈને જ ધારેલી વસ્તુ ન મેળવી શકવાથી દુઃખ થાય છે. તેને લઈને માનસિક અશાંતિ ઉત્પન્ન થાય છે. કામી વ્યક્તિ ક્યારેય સુખી થઈ શકતી નથી તેમ ભગવાને બીજા અધ્યાયમાં કહ્યું છે.

કામનાને લઈને જ જીવાત્માને સંમોહ થાય છે કહેવાનો મતલબ છે મોહ-માયામાં આંધળા બનેલાને કાંઈ જ સુઝતુ નથી અજ્ઞાની જીવો કામનામાં પડીને અનેક પ્રકારના પાપાચરણો કરે છે. પાપના પંથેથી બચવા માટે નિષ્કામતા કેળવો, નિષ્કામ કર્મ કરો. કોઈ પણ પ્રકારની કામના રાખ્યા વગર પરમાત્મા જે આપે તેમાં ખુશ રહેવું જોઈએ. એનો અર્થ એ નહીં કે પુરૂષાર્થ ન કરવો પુરૂષાર્થ અવશ્ય કરવો, પરંતુ ફળની આશા રાખ્યા વગર ધાર્યા કરતા થોડું વધારે પણ મળે અને થોડું ઓછું પણ મળે. વધારે મળે તો હરખાવું નહિ ને થોડું મળે તો દુઃખ ના લગાડવુ. નિષ્કામ ભાવથી પુરૂષાર્થ કરતો રહેવો. નિષ્કામ ભાવથી કામ કરવાથી માનવને કોઈ પણ પ્રકારનું દુઃખ આવતું નથી સર્વત્ર સુખ સુખ ને સુખ જ નજરે ચડે છે.

જેમ કામ માનવને ગેરમાર્ગે દોરી જાય છે, પાપને માર્ગે દોરે છે. તેમ ક્રોધ પણ માનવને ગેરમાર્ગે દોરી જાય છે, તેથી ક્રોધ પણ ના કરવો. ક્રોધને દૂર કરવા માટે જ્યારે ક્રોધ આવે ત્યારે એવું વિચારવું કે ક્રોધ મને નહીં પરંતુ આ સ્થુલાદિ શરીરને આલે છે. પોતાની મન માની થતી નથી એટલે ક્રોધ આવે છે. ક્રોધ કરવા છતાં બીજાને અનુકુળ થવાનો પ્રયત્ન કરવો અગર અનુકુળ ન થઈ શકાય તો અલગ થઈ જવું અને ક્રોધ આવે ત્યારે કહેવું કે હે ! ક્રોધ તું કેમ આવે છે ? જા' ચાલ્યો જા. એમ કહી ક્રોધ પર જ ક્રોધ કરવો. સંસારમાં મારું કોઈ નથી એમ માનવાથી ક્રોધ પર કાબુ આવશે. ક્રોધાવેશમાં આવીને માનવ ન બોલવાનાં વચનો બોલી નાખે છે. નિષ્કામભાવથી કર્મ કરવામાં આવે તો ક્રોધ નહી થાય.

સાધુ-સંતો, મહાપુરૂષો તથા મહાત્માઓનો સંગ કરવાથી તેમની આજ્ઞાનું પાલન કરવાથી, તેમની સેવા કરવાથી તથા પરમ કૃપાળુ પરમાત્માનું શ્રવણ, મનન કરવાથી દરેક જીવાત્માને પરંબ્રહ્મનો સાક્ષાત્કાર થશે. હું પણું, મારાપણું, દૂર થશે. સર્વત્ર સુખ જ જણાશે ઈચ્છાઓ બધી દૂર થશે ને સુખની અનુભૂતિ થશે. સદ્‌ગુરૂમાં શ્રધ્ધા રાખવાથી સર્વે કાર્યો સફળ થશે, અને સંસારની મોહમાયાના ચક્રમાંથી છૂટીને મનુષ્યને મોક્ષની પ્રાપ્તિ થશે. અને સાંસારિકની પદાર્થોની ઈચ્છા ન રહેવાથી જીવાત્મા સુખી થશે. પરમ કૃપાળુ પરમાત્મા પાસે એટલું જ માંગું છું કે દરેક જીવાત્માને સત્યનો સાક્ષાત્કાર કરાવે, બ્રહ્મજ્ઞાન આપે, દરેકને પરમ ભકિત કરવાની શક્તિ આપે જેનાથી સર્વત્ર સંસાર સુખમય બની જાય. પરમાત્મા સર્વેને સર્વશ્રેત્રોમાં સમુન્નાતિ પ્રદાન કરે એવી શ્રી સદ્‌ગુરુ ચરણ કમળોમાં સુવિનમ્ર પ્રાર્થના કરી વિરામ અર્પુ છું.

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

**''ચોપાઈ''**

**જય હનુમાન જ્ઞાન ગુન સાગર ।**
**જય કપીસ તિહું લોક ઉજાગર ॥**

**સંગતિ**

હે હનુમાનજી આપ જ્ઞાન, ગુણના સાગર છો. તમારી જય હો. હે કપીશ તિનો લોક ઉજાગર કરનાર છો. ત્રણેય લોકનાં પ્રકાશક છો. તમારી જય હો.

હનુમાન= અટલે જેનું માન (અભિમાન) હણાયું છે તે હનુ એટલે મુખનું નીચેનું જડબું ઈન્દ્ર દ્વારા ખંડિત થયું છે તેથી તેનું નામ હનુમાન પડ્યું છે.

આ એક એવી કહાની છે જે આજના લોકોને સીધી રીતે ગળે ઉતરે તેવી નથી. બિલકુલ જુઠી કહાની લાગે પરંતુ બિલકુલ સાચી કહાની છે. થોડા ધ્યાનથી વિચારો. વેદાંત દર્શન મુજબ તત્વનો વિચાર કરો. જયાં આધ્યાત્મિક રામાયણમાં તથા વાલ્મિકી રામાયણ મુજબ વિચારો તો સ્પષ્ટ ચિત્ર થઈ જશે. પૂર્વ ભૂમિકામાં જ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આપણા બધાનું મન એ જ હનુમાન છે. કોઈનું મન વાલી જેવું કોઈનું સુગ્રીવ જેવું કોઈનું અંગદ જેવું કોઈનું નીલ તથા નળ જેવું છે. આપણે કઈ કોટિનાં મન જેવા છીએ એ રામાયણનાં વાનરસેના દ્વારા નક્કી કરી લેવું. કપી એટલે વાંદરા જેવું ચંચળ આપણું મન જ છે. તેની આ કહાની છે. કપીશ એટલે મન, બધાનાં મન કરતા જે શ્રેષ્ઠ મન તે કપીશ. ત્રણ લોક એટલે ત્રણ શરીર જેની ગણનાં સ્થુળ, સુક્ષ્મ, કારણ થાય છે. તેથી ત્રણ અવસ્થા જાગ્રત, સ્વપ્ન, તથા સુષુપ્તિ આ ત્રણેયમાં ઘટતી ઘટનાઓનો સાક્ષી છે. તે દ્રસ્ટા મન એ જ હનુમાન છે. તેની કહાની જોઈએ તો નાનપણમાં હનુમાનજીનો જયારે જન્મ થયો ત્યારે રાત્રિ હતી અને હનુમાનને જાણવા મળ્યું કે સૂર્યોદય થતાં તેનું મૃત્યુ થશે. તેથી હનુમાનજીએ સૂર્યોદય થાય તેની પહેલા લાલ ફળ સમજીને ખાવા છલાંગ લગાવી અને સૂર્યને મુખમાં લેવા સૂર્યરથ ઉપર સવાર થયા, " અતુલીત બલધામા " વિશેષરૂપે જોઈએ તો ''बलं बलवतां चाहम् '' (ગીતા-૭-૧૧) આ ગીતાનાં વાક્યાનુંસાર બધા બલવાનોનું બળ સ્વયં ભગવાન છે. એક વખત રાવણે બંદી બનાવેલ હનુમાજીને પૂછયું ''केहि कें बल धालेहि बन खीसा'' (માનસ. ૫/૨૦/૧/૨) હે વાનર તે કોના બળ ઉપર આ અમારા વનને ઉજાડી નાખ્યું ? નષ્ટ કર્યું ? બોલ?

ત્યારે નિર્ભયતાથી શ્રી હનુમાનજીએ બહુ સુંદર જવાબ આપ્યો

''सुनु रावन ब्रह्मांड निकाया, पाहं
जासु बल बिरचित माया ॥
जाके बल बिरंचि हरि ईशा ।
पालत, सृजत हरत दस सीसा ॥''

હે રાવણ સાંભળ. મારા પ્રભુ રામની તાકાતથી તારું વન ઉજાડીને નાશ કર્યું છે. જે મારા પ્રભુ રામ જેનાથી આ આખુ બ્રહ્માંડ ઉત્પન્ન થયું છે. જેમની માયામાં તારા જેવા ઘણા સમાયા છે. જેનું સૃજન , પાલન, તથા વિનાશનું કામ કેવલ મારા પ્રભુથી થાય છે અને હું પણ એમની શક્તિથી બલવાનોનું ભળ મારામાં છે.

''जयत्यतिबलो रामः'' (વાલ્મીકિ ૨૧,૫,૪૨,૩૩) આવી રીતે અતિબળનું સ્વરૂપ સ્વયં રામનું બતાવીને હનુમાનજી રામનો જય જય કાર કરે છે. આથી સિદ્ધ થાય છે કે પરબ્રહ્મ પૂર્ણ સ્વપ્રકાશની સર્વશક્તિ સંપન્ન સ્વયં પ્રભુ પરમાત્માના સાકાર રૂપે જ આ હનુમાનરૂપી મન માટે જ અતુલીતબલ ધામા, કહેવાયું છે.

આનો અર્થ થાય કે જ્ઞાનરૂપી ભાણ સૂર્યનો ઉદય થતાં મન મરી જાય છે પરંતુ હનુમાન એક એવું મન છે. જે મનનું પણ મન છે. "श्रोत्रस्य श्रोत्रं मनसो मनो यद् '' (કેનોપનિષદ્) જે સમગ્ર ઈન્દ્રિયોનું કારણ છે અને મનનું પણ કારણ છે. તેમની ઉપર બીજું કોઈ કારણ નથી. બસ પરમાત્મા છે આત્મા રામ છે.

**રામદૂત અતુલીત બલધામા,**
**અંજની પુત્ર પવન સૂત નામા**

આત્મારૂપી રામના દૂત તરીકે અંજની પુત્ર એટલે કાયારૂપી અન્નમય કાયારૂપી અંજનીના કુખમાં પ્રાણરૂપી વાયુથી સંચરિત થતુ મન પુત્ર નામથી કહેવાય છે. જેનું બળ અતુલિત છે જેની તુલના કોઈની સાથે થઈ શકે નહિ. એટલું બળ, શક્તિ તાકાત છે. તમારું મન મક્કમ હોય તો તમે મહાન કાર્યો કરી શકો છો.

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

તા. ૧૪/૫/૧૭ થી ૨૧/૫/૧૭ સુધી ચાણોદમાં સંતોનો સમાગમ, સતસંગ, સમાધીના દર્શન તથા નર્મદા સ્નાન આ સર્વેનો અમને ખુબ જ લાભ મળીયો.

- ✤ પ્રાતઃકાલે ૦૪:૦૦ કલાકે નર્મદા સ્નાન
- ✤ પ્રાતઃકાલે ૦૫:૩૦ કલાકે ગુરૂ ગીતાનો પાઠ
- ✤ સવારે ૦૬:૧૫ કલાકે યોગ શિબીર
- ✤ સવારે ૦૮:૦૦ કલાકે **સ્વામીશ્રી ભુમાનંદ સાગરજી મહારાજનું પ્રવચન બાળકો માટે.**

**શ્લોક** સત્યં શ્રુયાત્ પ્રિયં શ્રુયાત નશ્રુયાત સત્યં મપ્રિયં પ્રિયંચ. નાનૃ શ્રુયાત એષ ધર્મઃ સનાતન ।

**સમજ** સત્ય સાથે પ્રિય બોલવું, અસત્ય અને પ્રિય હોય તો ન બોલવું અને અપ્રિયને સત્ય હોય તો પણ ન બોલવું આનું નામ સનાતન ધર્મ.

**શ્લોક** અશ્વમેઘ સહસ્રં ચ સત્યં ચ તુલયા ધ્રુતમ્ ।
અશ્વમેઘ સહસ્રાતીત હી સત્ય મેવા વિશિષ્યતે ॥

**સમજ** ૧૦૦૦ અશ્વમેઘ સાથે સત્યને ત્રાજવામાં તોલવામાં આવે તો ૧૦૦૦ અશ્વમેઘ કરતા સત્યનું પુણ્ય વધારે થાય છે. હંમેશા સત્યની જ જીત થાય છે.

**શ્લોક** વિદ્યાશોર્યં ધનંધૈર્યં કુલીનત્વ મરોગિતા રાજ્યં, સ્વર્ગચ, મોક્ષચ સર્વ ધર્મા હ્યાપ્યતે ।

**સમજ** ધર્મનું આચરણ કરવાથી સ્વર્ગ, મોક્ષ, રાજ્ય, સારા કુળની અંદર જન્મ, ધન, વિદ્યા આ બધું જ મળે છે.

**શ્લોક** યતોભ્યુદય નિઃ શ્રેયસસિધ્ધિઃ સ ધર્મઃ

**સમજ** ધર્મના દશ લક્ષણો છે, તેમાંથી આ એક લક્ષણ બતાવ્યું કે જેનાથી ભુક્તિ એટલે આલોકના સુખ અને મુક્તિ એટલે પરલોકના સુખ મળે તેનું નામ ધર્મ.

**શ્લોક** અવિરુદ્ધો નુદ્દેગશશ્ચ. બ્રહ્મભાવશ ચરાચરે ।
અહંમમ્ પરિત્યાગઃ પરં ધર્મ સઉચ્ચતે ॥

**સમજ** કોઈની સાથે વિરોધ થાય તેવું કાર્ય કરવું નહિ, ઉદ્વેગ કે વિરોધ એટલે ન ગમે તેવું કાર્ય કરવું નહિ. ચેતન અને જડની અંદર બ્રહ્મભાવ રાખવો. હું મારા પણાનો પરિત્યાગ કરો.

**શ્લોક** ધૃતિક્ષમા દમોસ્તેયં શૌચમિન્દ્રિય નિગ્રહઃ ધીર્વિદ્યા સત્યમ્ ક્રોધો દશકં ધર્મ લક્ષણમ્ ॥

**સમજ** ધીરજ રાખવી, જીવનમાં ક્ષમાશીલ બનવું, દયાભાવ રાખવો, ચોરી ન કરવી, સત્ય બોલવું, ધર્મનું આચરણ કરવું, ઈન્દ્રિયોને વશમાં રાખવી, જીવનમાં ક્યારેય ક્રોધ કરવો નહિ, જીવનમાં સહનશીલ બનવું અને મારા પણાનો પરિત્યાગ કરો. આ દશ આદર્શ ધર્મના લક્ષણો છે.

**શ્લોક** શુદ્ધોસિ બુદ્ધોસિ નિરજંનોસિ સંસારમાયા ।
પરિર્વજીતોશી સંસારસ્પન ત્યજ મોહનિંદ્રા મદાલસા વાક્યમુવાચ પુત્રમ્ ॥

**સમજ** માતા મદાલસા પોતાના ચાર પુત્રોને જ્ઞાન આપે છે કે તું તો શુદ્ધ-બુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ છો. આ સંસાર તો સ્વપ્ન જેવો છે. સંસારની માયા આપણને દુઃખ દેવા વાળી છે. આવો ઉપદેશ આપ્યો.

સવારે ૦૯:૦૦ વાગે **સ્વામી શ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજનું પ્રવચન બાળકો માટે.**

**આપણા અંદર ત્રણ શરીર છે.**

- ✤ સ્થુળ શરીર
- ✤ સુક્ષ્મ શરીર
- ✤ કારણ શરીર

**સ્થુળ શરીર શેનાથી બનેલું છે?**

- ✤ પાંચ ભુત
- ✤ પાંચ કર્મેન્દ્રીય
- ✤ પાંચ જ્ઞેનેન્દ્રીય
- ✤ પાંચ વિષયો
- ✤ ચાર અંતઃ કરણ

**સુક્ષ્મ શરીર શેનાથી બનેલું છે?**

✤ પાંચ કર્મેન્દ્રીય
✤ પાંચ જ્ઞાનેન્દ્રીય
✤ પાંચ વિષયો
✤ ચાર અંતઃકરણ

**કારણ શરીર શેનાથી બનેલું છે?**

અહંકાર
સ્થુળ શરીરનો ભોક્તા - વિશ્વ
સ્થુળ શરીરની અવસ્થા - જાગરત
સુક્ષ્મ શરીરનો ભોક્તા - તેજસ
સુક્ષ્મ શરીરની અવસ્થા - સ્વપ્ન
કારણ શરીરનો ભોક્તા - પ્રાજ્ઞ
કારણ શરીરની અવસ્થા - નીંદ્રા

✤ સવારે ૧૦:૦૦ વાગે **સ્વામીશ્રી મોહનાનંદ સાગરજી મહારાજનું પ્રવચન બાળકો માટે.**

**શ્લોક** કાક ચેષ્ટા બકોધ્યાનિ શ્વાનનિંદ્રા તથૈવ ચ ।
અસ્પહારી ગૃહત્યાગી વિદ્યાર્થી પંચલક્ષણ્યં ॥

**સમજ** કાગડા જેવી ચેષ્ટા, બગલા જેવું ધ્યાન, અલ્પહારી એટલે થોડું ખાવાનું રાખવું, ગૃહનો ત્યાગ કર્યા પછી ગૃહને યાદ કરવું નહિ, શ્વાન જેવી નીંદ્રા આ પાંચ વિદ્યાર્થીના લક્ષણો છે.

**શ્લોક** ઉદ્યમઃ સાહસઃ ધૈર્યમ્ બુદ્ધિઃ શક્તિઃ પરાક્રમઃ ।
ષડેતેયત્ર વર્તન્તે તત્ર દેવઃ સહાય કૃત ॥

**સમજ** જે મહેનત કરે છે, જેનામાં સાહસ છે, બુદ્ધિ છે, શક્તિ છે, પરાક્રમી છે, તેવા લોકોને દેવ સહાય કરે છે.

**શ્લોક** પ્રથમે નાર્જિતા વિદ્યા દ્વિતીયેનાર્જિતં ધનમ્ ।
તૃતીયે નાર્જિનં પુણ્ય ચતુથે કિં કરિષ્યતિ ॥

**સમજ** જો પહેલી અવસ્થામાં વિદ્યા પ્રાપ્ત ન કરી હોય, બીજી અવસ્થામાં ધન પ્રાપ્ત ન કર્યુ હોય અને ત્રીજી અવસ્થામાં પુણ્ય પ્રાપ્ત ન કર્યુ હોય તો ચોથી અવસ્થામાં શું કરશો ?

**શ્લોક** હસ્તસ્યભૂષણં દાનં સત્યં કંઠસ્થ ભુષણમ્ ।
કર્ણસ્થ ભૂષણમ્ શાસ્ત્રં ભુષણૌઃ કિં પ્રયોજનમ્ ॥

**સમજ** હાથનું આભૂષણ દાન છે, કંઠનું આભુષણ સત્ય બોલવું છે, કાનનું આભુષણ શાસ્ત્ર છે. જો આ ત્રણ આભુષણ આપણી પાસે હોય તો બીજા આભુષણોની શી જરૂર ?

✤ બપોર પછી ૦૨:૩૦ વાગે **બ્રહ્મચારીશ્રી જયાનંદજી મહારાજ.**

**શ્લોક** અભિવાદન શીલસ્ય નિત્યં વૃધ્ધોપ સેવિનઃ ।
ચત્વારી તસ્ય વર્ધન્તે આર્યુ વિદ્યા યશોબલમ્ ॥

**સમજ** આપણા માતા-પિતા તથા વડીલોને નમન કરવાથી આપણને આયુષ્ય, વિદ્યા, યશ અને બળ મળે છે.

**શ્લોક** આચારહીનં ન પુનન્તિ વેદાઃ યદ્યપિધીતા સહષડ્ભિરંગૈઃ ।
છન્દાંસેનં મૃત્યુ કાલે ત્યજન્તિ નિડંશકુન્તા ઈવ જાત પક્ષા : ॥

**સમજ** જે આચારહીન છે, જે સંસ્કારહીન છે તેને અંતીમ સમયે વેદો પણ તેને છોડી દે છે. વેદો પણ તેને પવિત્ર કરી શકતા નથી.

**શ્લોક** અષ્ટાદશ પુરાણેષુ વ્યાસસ્ય વચન દ્વયમ્ ।
પરોપકાર પુણ્યાય પાપાય પર પીડનમ્ ॥

**સમજ** અષટાદશ એટલે આઠ અને દશ - ૧૮ પુરાણોમાં પણ વ્યાસજીએ બતાવ્યું કે જે પરોપકાર કરે છે તેને પુણ્ય થાય છે અને જે બીજાને પીડા દે છે તેને પાપ થાય છે.

✤ બપોર પછી ૦૩:૧૫ વાગે **સ્વામી શ્રીહરીહરાનંદ સાગરજી મહારાજનું પ્રવચન બાળકો માટે.**

પાંચ વારતા
(૧) અષ્ટાવક્ર
(૨) યાજ્ઞવલ્કય અને જનક
(૩) દાસીપુત્રની બ્રહ્મપ્રાપ્તિ
(૪) હૃદય મંદિરી
(૫) આચાર્યનો ઉપદેશ

✤ બપોર પછી ૦૪:૧૫ વાગે **પરમ પુજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનું પ્રવચન બાળકો માટે.**

**શ્રી સદ્ગુરૂ પ્રાતઃ સ્મરણ સ્તોત્રમ્**

नौमि श्रीमाधवानन्दं सच्चिदानन्दविग्रहम् :
यस्येक्षणप्रसादेन तीर्णोऽहं ભવસાગરમ્ ૧.
લસદ્યાતરંગકં ક્ષમારવિન્દશોભિતમ્ ;
યતીન્દ્ર હંસસેવિતં ભજામિ માધવંનદમ્ ૨.
વિવેકરત્ન ભારિણં ભવાર્તિતાપહારિણમ્ ;
યતીન્દ્ર હંસસેવિતં ભજામિ માધવંનદમ્ ૩.
યદર્થમેવ ભાવિતં તદર્થમેવ દાયિનમ્;
યદંઘ્રિરક્તપંકજં ભજામિ માધવંનદમ્ ૪.
શ્લોકત્રય મિંદ પુણ્યં બ્રહ્માનન્દ પ્રદાયકમ્;
યઃ પઠેત્પ્રાતરૂત્થાય સ ગચ્છેત્પરમંપદમ્ ૫.

ઈતિ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રીમત્ સ્વામીશ્રી માધવાનંદ પુજ્યપાદ પ્રમુખ શિષ્ય શાસ્ત્રી સ્વામી વિનિર્મિત શ્રી સદ્ગુરૂ પ્રાતઃસ્મરણસ્તોત્રં સમ્પૂર્ણમ્ ।

✤ સાંજે ૦૫:૦૦ વાગે આરતી
✤ સાંજે ૦૫:૩૦ વાગે બાળકો સાથે નર્મદા સ્નાન.

ચાણોદ શિબીરમાં અમને ખુબ જ આનંદ આવ્યો. અમારા જીવનનો આ અમુલ્ય સમય અમે ક્યારેય ભુલી નહીં શકીએ.

સર્વેને મારા જય સચ્ચિદાનંદ.

# કર્મનો સિધ્ધાંત

**વિભૂતી વી. દવે**
**વડોદરા**

દરેક વ્યક્તિને કર્મનું ભુગતાન કરવું પડે છે, મનુષ્ય પોતે ખોટું કામ કરે છે. ત્યારે આગળ પાછળ નજર કરીને જુવે છે કે કોઈની દૃષ્ટિ તેના ઉપર નથી ને ? પણ ક્યારેય તે પોતાની અંદર ઝાંખીને નથી જોતો કે પ્રભુ પરમાત્મા આપણી અંદર આત્મા સ્વરૂપે બીરાજમાન છે. તે તો આ કર્મને સાક્ષાત નીહાળી રહ્યા છે.

પ્રભુ ક્યાં નથી ? મોટા-મોટા ધુરંધરોને પણ આવા કર્મનું ભુગતાન કરવું પડે છે. જેમકે, ભીષ્મપિતામહ તો મહાપરાક્રમી-ચક્રવર્તી-બ્રહ્મચારી ગંગાપૂત્ર હતા. તો પણ તેમના કર્મનું ફળ તેમને ભોગવવું પડ્યું હતું. તીરની શૈયા (બાણ શૈયા) ઉપર સુવું પડ્યું હતું.

તેનું કારણ એ હતું કે તે ૧૦૦ જન્મ પૂર્વે મહાન ચક્રવર્તી રાજા હતા. તેમના રાજ્યમાં પ્રજા સુખી હતી. રાજ્યમાં પણ બધા સુખી સંપન્ન હતા. એક દિવસ તે શિકારની શોધમાં જંગલમાં નીકળી પડ્યા. ઘણે દૂર ગયા પછી એક હરણ નજરમાં આવતા રાજા તેની પાછળ ઘોડાને દોડાવવા લાગ્યા. હરણ નજીક આવતા જ રાજાએ બાણ-ધનુષ્ય ઉપર ચઢાવ્યું ને જ્યાં બાણ હરણને મારવા માટે છોડતા હતા ત્યાં જ એકદમ મોટો નાગ ઘોડાની સામે આવીને ફેણ કાઢીને ઊભો રહ્યો.

નાગને જોતાવેંત ઘોડો ત્યાં જ થોભી ગયો. અને હરણ પોતાના પ્રાણ બચાવવા આગળ જંગલની ઝાડીમાં અદૃશ્ય થઈ ગયું. આ જોઈ રાજનને બહુ ગુસ્સો આવ્યો તેમણે જે બાણ હરણને મારવા માટે ધનુષ્ય પર ચડાવ્યું હતું તે બાણ નાગને મારી દીધું. એટલું જ નહિ નાગને બાણમાં પરોવીને બહુ દૂર નાંખી દીધો. જ્યાં નાગનો નશ્વર દેહ પડ્યો ત્યાં બાવળનું ઝાડ હતું તેના અણીદાર કાંટા તેના આખા દેહમાં ખોસાયા અને મરી ગયો. તે ૧૦૦ જન્મ પૂર્વે કરેલું કર્મ બાણશૈયા પર સુઈને પિતામહને પુરું કરવું પડ્યું. માટે દરેક વ્યક્તિને કરેલા કર્મ ભોગવવા પડે છે. ચાહે આ જન્મના હોય કે સો જન્મ પૂર્વેના કર્મ. તેવીજ રીતે દરેક મનુષ્યએ ગુરુનું સ્મરણ સાચા દિલથી કરીને સાચા સનમાર્ગનો સહારો લેવો જોઈએ.

આપણા સ્વામીજી ભજન ગવડાવતા હતા કે કર્મનો સંગાથી રાણા તારું કોઈ નથી. તે ભજન યાદ કરતા સ્વામીજીના ચરણોમાં પ્રણામ સહ પ્રાર્થના કે અમારાથી ક્યારેય કોઈ ખોટું કામ ના થાય, સનમાર્ગે, સારા વિચારો સહિત અમારું જીવન ધન્ય બનાવીએ.

જય સચ્ચિદાનંદ.

# બાળ કેળવણી (ભાગ-૧૦)

લવજીભાઈ કે. સવાણી
નાવડા

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

## ❖ પ્રામાણિકતાની કેળવણી.

બાળકને ઉચ્ચ જીવનની કેળવણી આપવી જોઈએ. એ માટે ઈમાનદારી અને પ્રામાણિકતા જરૂરી છે. કેમકે આજે દરેક જણ પ્રેક્ટિકલ બનવા માગે છે. ત્યારે તો ખાસ. આ આદર્શોની વાત નથી, જરૂરિયાતની વાત છે, આ કાર્ય બે-પાંચ માતા-પિતા કરશે તો પણ એની અસર પડશે. જેમ પથ્થરની માળામાં એક હીરો હોય તો એ હીરાને કારણે માળાનું મુલ્ય વધી જાય છે. તેમ લાખો બાળકો વચ્ચે એક-બે હજાર આવા બાળકો-યુવાનો હશે તો એ આપણું મૂલ્ય વધારી દેશે. આ માટે હું આ વાત જણાવું છું.

નાનાભાઈ ભટ્ટનું નામ સૌએ સાંભળ્યું હશે. એ નાનાભાઈ પાસે રેવાબાઈ મૂળશંકર નામના બાળકને ભણવા માટે મૂકવા આવે છે. નાનાભાઈ પાસે માણસને પારખવાની અને કેળવવાની જબરી સુઝ હતી. મુળશંકર અગિયાર વર્ષનો હતો. એકવાર પૈસાદાર મિત્રોની સંગતમાં તે રખડવા ઊપડ્યો. અવળી સોબતને કારણે વગર ટિકિટે રેલવેમાં મુસાફરી કરી આવ્યો. નાનાભાઈને આ વાતની જાણ થઈ તેમણે ટિકિટના અને દંડના પૈસા તથા એક ચિઠ્ઠી આપી મૂળશંકરને રેલવે સ્ટેશન મોકલ્યો. મૂળશંકરને થયું હવે આવી બન્યું. જ્યારે તે પાછો ફર્યો ત્યારે નાનાભાઈએ એને પ્રેમથી પોતાની પાસે બેસાડી કહ્યું, મૂળશંકર, આપણે ભણવામાં હોંશિયાર હોઈએ એ પૂરતું નથી આપણે પ્રામાણિક પણ થવાનું છે.

## છેલ્લે જીવનના મૂલ્યની કેળવણી :

બાળકનો જન્મ થતાં જ બાળક એક જિંદગીનું માલિક બની જાય છે, પણ એ પોતાની જિંદગીનું માલિક હોવા છતાં એને જિંદગીના મૂલ્યની જાણ હોતી નથી. અરે, ઘણા માણસોને સાઠ વર્ષે પણ જીવનની કિંમત સમજાતી નથી. તો પછી બાળકનું તો શું કહેવું ? બાળકને જીવન અને જીવનના મૂલ્યો વિશે ધીરે ધીરે જ્ઞાન આપવાનું છે. જો બાળક જીવનનું મૂલ્ય નહીં સમજે તો તે જીવનને વેડફી દેશે. આ પ્રસંગ ઘણું કહી જશે.

નાની આવક અને ગરીબીમાં સબડતા એક ભક્તે શ્રી રમણ મહર્ષિને કહ્યું, આના કરતાં તો આ જિંદગીનો અંત લાવવાનું મન થાય છે. મહર્ષિ તે વખતે પાંદડાની પત્રાવળીઓ બનાવી રહ્યા હતા. તેમણે કહ્યું, પહેલા આ પત્રાવળીઓ ઉકરડામાં ફેંકી આવ, પછી વાત કરીએ. આ વાત સાંભળી પેલો ભક્ત સ્તબ્ધ બની ગયો અને કહ્યું, આપે કેટલી મહેનતથી આ પત્રાવળીઓ બનાવી છે. એને વાપર્યા વગર ઉકરડામાં ફેંકી દેવી શા માટે ? શ્રી મહર્ષિએ કહ્યું, તો પછી આપણને મળેલા કિંમતી જીવનનો ઉપયોગ કર્યા વગર ફેંકી દેવી એ મૂર્ખાઈ નથી? પ્રભુએ આપણા શરીરનું નિર્માણ કર્યુ છે એને શા માટે ઉકરડે ફેંકી દેવા માંગો છો ?

**"એક મા-બાપ જો પોતાનાં બાળક પ્રત્યેના વ્યવહારમાં ભૂલ કરે તો એક હજાર શિક્ષકો માટે પણ એ ભૂલ સુધારવાનું અશક્ય બની જાય છે."**

**- ગિજુભાઈ**

## કીર્તન-(રાગ-છાયા ખમાચ-તીનતાલ)

મારી નાડ તમારે હાથ હરિ સંભાળજો રે;
મુજને પોતાનો જાણીને પ્રભુપદ પાળજો રે;-(ધ્રુવ૦)
પથ્યાપથ્ય નથી સમજાતું, દુઃખ સદૈવ રહે ઉભરાતું;
મને હશે શું થાતું, નાથ નિહાળજો રે; -મારી નાડ૦ ૧
અનાદિ આપ વૈદ્ય છો સાચા,કોઈ ઉપાય વિષે નહીં કાચા;
દિવસ રહ્યા છે ટાંચા, વેળા વાળજો રે; -મારી નાડ૦ ૨
વિશ્વેશ્વર ! શું હજી વિસારો, બાજી હાથ છતાં કાં હારો?
મહા મુંઝારો મારો, નટવર ! ટાળજો રે; -મારી નાડ૦ ૩
કેશવ હરિ ! મારૂં શું થાશે, ઘાણ વળ્યો શું ગઢ ઘેરાશે ?
લાજ તમારી જાશે, ભૂધર ભાળજો રે; -મારી નાડ૦ ૪

જય શ્રીસચ્ચિદાનંદ

## માતા પિતાના સંસ્કારોનું સિંચન

ડીનલ એમ. કોશીયા
(ચોગઠ – હાલ કેનેડા)

ભક્તિ જબ ઘરમેં પ્રવેશ કરતી હૈ, ઘર મંદિર બન જાતા હૈ,ભક્તિ જબ પાની મેં પ્રવેશ કરતી હૈ, પાની ચરણામૃત બન જાતા હૈ,ભક્તિ જબ ભુખ મેં પ્રવેશ કરતી હૈ ભુખ વ્રત બન જાતા હૈ,ભક્તિ જબ ભોજનમેં પ્રવેશ કરતી હૈ ભોજન પ્રસાદ બન જાતા હૈ,ભક્તિ જબ સંગિત મેં પ્રવેશ કરતી હૈ સંગીત કિર્તન બન જાતા હૈ, ભક્તિ જબ વ્યક્તિ મેં પ્રવેશ કરતી હૈ વ્યક્તિ માનવ બન જાતા હૈ, ભક્તિ જબ ક્રિયા મેં પ્રવેશ કરતી હૈ ક્રિયા સેવા બન જાતી હૈ, ભક્તિ જબ કાર્ય મેં પ્રવેશ કરતી હૈ કાર્ય કર્મ બન જાતા હૈ.

-સર્વોને જય સચ્ચિદાનંદ.

ડીનલ જ્યારે નવ - દસ વરસની હશે એટલે કે ચોથા પાંચમા ધોરણમાં ઘરે વાત થતી સાંભળી અને મનથી સંકલ્પ કરેલો હું પણ ખુબ ભણીશ ને મહેનત કરી સારી ડીગ્રી મેળવી કમાઈશ પછી પપ્પાની જેમ હું પણ સોયે (૧૦૦) એક ટકો ધર્મના કાર્યમાં વાપરીશ. તો આજે ૨૪ વર્ષની ઉંમરે તે લક્ષ્ય પ્રાપ્ત કર્યુ. ખુબ સંઘર્ષ અને પોતાના આત્મબળથી ગુરૂજીના અને વડીલોના આશિર્વાદથી અને તેના પિતાના સહકાર અને પ્રેરણાથી કેનેડામાં ફાર્માસિસ્ટ બની, સપનું સાકાર થયું ને ધનથી સેવા કરવાનો અવસર મળ્યો. પહેલી સેવા પોતાના નિર્ણયથી કરી હવે આગળ ગુરૂજી અને વડીલોની પ્રેરણા લઈ નીર્ણય કરશે. ૧૧૧ વેદ રહસ્યનું વાર્ષિક લવાજમ રૂા.૨૦૦x૧૧૧ =૨૨૨૦૦ રૂપિયા ભરી ડીનલ મુકેશભાઈ કોશિયા (ગામ સોરઠ) તરફથી સગા મિત્ર ઓળખીતા વગેરે ૧૧૧ વાર્ષિક સભ્ય બનાવ્યા

**તંત્રી સ્થાનેથી....**

ધન્યવાદ છે ડીનલ મુકેશભાઈ કોશીયાને કે જેમણે વિદેશની ધરતી ઉપર રહેવા છતાં પોતાના માતા-પિતાના સંસ્કારોને યાદ રાખ્યા તથા ગુરૂજીના અને વડીલોના આશિર્વાદ જેમના મનમાં સતત ધબક્યા કરે છે તો તેમને ગુરૂજીના ખુબ જ આશિર્વાદ સદાય રહે અને પરમાત્મા એમને સુખ સંપત્તિવાન બનાવે, આત્મજ્ઞાન સંપન્ન થાય.

બેન ડીનલ બીજાને પ્રેરણારૂપ બની તે બદલ આભાર...

**લી. વેદરહસ્ય કમિટી.**

## ગુરૂ પ્રસાદ

પરબતસિંહ
ચમારડી

**शं नो मित्रः शं वरूणः । शं नो भवत्वर्यमा ।**
**शं न इन्द्रो बृहस्पतिः । शं नो विष्णुरुरुक्रमः ।**
**नमो ब्रह्मणे । नमस्ते वायो । त्वमेव प्रत्यक्षं ब्रह्मासि**
**त्वमेव प्रत्यक्षं ब्रह्म वदिष्यामि । ऋतं वदिष्यामि ।**
**सत्यं वदिष्यामि । तन्मामवतु तद्वक्तारमवतु ।**
**अवतु माम् । अवतु वक्तारम् ।**
**शान्तिः शान्तिः शान्तिः ॥**

પ્રથમ તો વાચકોને વિનંતી, મૃત્યુના ભયમાંથી નીકળવા બાબતે શાસ્ત્ર પ્રમાણ સિવાય કોઈ વસ્તુ માનવી નહિ શાસ્ત્ર પ્રમાણ છે. ઉપનિષદ, ગીતાજી, અને બ્રહ્મસુત્ર જે કઈ બે શબ્દો મૂકવાની કોશિશ કરું છું તે ગુરુ મહારાજશ્રીની કૃપા છે.

પ્રથમ તો માણસે પોતાના જીવન વ્યવહારનો વહીવટ ઈશ્વરને સોંપી દેવો જોઈએ. અને અત્યાર સુધી જે કઈ થયું છે તે ઈશ્વરે જ કર્યું છે. જન્મ અને મરણ આપણા હાથમાં નથી તે સંદર્ભમાં પણ વચગાળાની વાત પણ આપણા હાથમાં નથી જેમ કે કોઈપણ જીવને કયું શરીર ? બે પગવાળું, ચારપગવાળું, નહિ પગાળું, મહાકાય, લઘુકાય, કેટલો કાળ અને તે શરીર દ્વારા શું શું સુખ દુઃખ ભોગવશે તે ઈશ્વરના આધિન છે. તમારા ત્યાં કોને જન્મ લેવો તમારે ક્યાં જન્મવું તેમાં તમે પરતંત્ર છો. તે કર્મને આધિન છે. જે કઈ કર્મ થાય છે તેને ક્રિયામાણ કર્મ કહેવામાં આવે છે કર્મો થઈને જે ભેગા થાય છે. તેને સંચિત કર્મ કહેવામાં આવે છે. તેમાંથી જે નિકળે તેને પ્રારબ્ધ કર્મ કહેવામાં આવે છે. પ્રારબ્ધ એટલે શરીર,આયુષ્ય અને ભોગ એમાં ખાસ નોંધ એ લેવી કે કર્મનો કર્તા કેવળ મનુષ્ય શરીર જ છે. બાકીના ઈતર જીવો (શરીર) ચાવી ભરેલા રમકડાં જેવા ભોગ યોનિમાં જીવે છે. દા.ત. ઘણા કૂતરા ગાડીમાં ફરતા હોય છે ને શેમ્પુથી નહાતા હોય છે અને ઘણાં કૂતરાઓને એક ટક ખાવા પણ મળતું નથી.

આ મનુષ્ય શરીરને ક્ષેત્ર કહેવામાં આવે છે શ્રીમદ્ ભગવત ગીતામાં અધ્યાય ૧૩/૧

**इदं शरीरं कौन्तेय क्षेत्रमित्यभिधीयते।**
**अेतद्यो वेत्ति तं प्राहुंः क्षेत्रज्ञ इति र्ता दः॥ 1॥**

આ શરીર એટલે ક્ષેત્ર એટલે કે ખેતર છે. તેમાથી ધર્મ અધર્મ થાય એટલે કે પાપ પુણ્ય થાય તેનાથી બીજા શરીરોની પ્રાપ્તિ થાય. આ સંદર્ભમાં આગળ ભગવાન સાતમા અધ્યાયમાં કહી ગયા છે કે ૭/૪

**भूमिरापोऽनलो वायुः खं मनो बुद्धिरेव च।**
**अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा॥ 4॥**
**अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम्।**
**जीवभूतां महाबाहो, ययेदं धार्यते जगत्॥ 5॥**

તેમાં અહંકાર છે તે કર્તા છે. એની પાસે કર્મ ભગવાન કરાવે છે. અને જગતને ધારણ કરે છે, જ્યારે જીવ કહે છે કે આ મે કર્યું તેથી પાપ અને પુણ્ય થાય છે. પાપ પુણ્યથી લક્ષ્ય ચૌરાશી, દેવ યોનિ, અને નિત્યાનંદની પ્રાપ્તિ અને મૃત્યુના ભયનો છુટકારો તે કેવળ મનુષ્ય શરીરથી થાય છે જો આ તક છુટી જાય તો ફરીથી આ તક મળવી દુર્લભ છે આના માટે રામાયણ પણ કહે છે કે

**''બડે ભાગ્ય માનુષ્ય તનુ પાવા,**
**સૂર દુર્લભ મુનિ ગ્રંથની ગાવા સાધન ધામમોક્ષ,**
**દ્વારા પાપને પરલોક સમારી નરતન**
**દેહ કઉ નહિ દેહા, જીવ ચરાચર જાતત જેહા''**

શરીર વિનાશી છે મોત પડયું છે પરંતુ અવિનાશી પદ પ્રાપ્ત કરવાવાળું છે માટે પોતાની આ તક સામાન્ય ન સમજવી. તમારો વહીવટ ઈશ્વરને સોંપી દો. તેથી તમારું અંતઃકરણ શુધ્ધ થશે અને કામના રહિત થશે એટલે હૃદયમાં વિવેક જાગૃત થશે અને તે પરમાત્માની પ્રાપ્તિ કરાવશે. સહકારણ દુઃખની નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિ

**નિર્મળ મન જન સોઈ મોહી પાવા**
**મોહી કપટશલ શિવ ન ભાવા**

શાસ્ત્રનું પ્રમાણ હોય, અંતઃ કરણ શુદ્ધ હોય, અનુભવી ગુરૂનો અનુગ્રહ હોય, તો કલ્યાણ ન થાય એ શક્ય જ નથી. કલ્યાણ જ થાય. કલ્યાણ એને જ કહેવાય કે જે મૃત્યુના ભયમાંથી બહાર કાઢે અને અમરત્વની પ્રાપ્તિ કરાવે.

ભગવાન ગીતાજીના શ્લોક ૭/૧ માં કહે છે કે

**मय्या सक्त मनाः पार्थ योगं युञ्ज्नमदाश्रयः।**
**असंशयं समग्रं मां यथा ज्ञास्यसि तच्छृणु॥ 1॥**

ભગવાન મન માગે છે. મન ભગવાનને આપી દો તો હું એવું જ્ઞાન આપવા માંગુ છું કે જેને મેળવીને બીજુ મેળવવાનું શેષ ન રહે. જેને જાણીને બીજું જાણવાનું બાકી કઈ ન રહે. મુંડકોપનિષદ કહે છે કે

**क्षेवं विज्ञातं सर्वं विज्ञातं भवति (छान्दोग्य)**

પણ એમ જ કહે છે કે

**तत् सत्यं स आत्मा तत्त्वमसि शेतते॥**

કોઈપણ પ્રાણીની ઈચ્છા મુજબ કઈ  થતું નથી ઈશ્વરની ઈચ્છાથી જ થાય છે.

**''માનવ કહે આ મેં કર્યું કરતલ જુદો કોઈ, આદર્યા અધૂરા રહે હરિ કરે સો હોઈ''**

આપણા રુખડિયા મહાત્મા નરસિંહ મહેતા કહે છે કે

**સુખ દુઃખ મનમાં ન આણિયે, ઘટ સાથે રે ઘડિયા, ટાળ્યા કોઈના ન ટળે રઘુનાથના જડિયા.**

માટે કેમ કરીએ (શું) એનું નામ ભક્તિ કહેવાય. શું કરવા ભક્તિ કરવી ? ભક્તિનું ફળ શું ? અને કોની ભક્તિ કરવી ? ભક્તિ તેની જ કરવી કે જે નિત્ય હોય બધે હોય, અને બધામાં હોય, હું શાસ્ત્રીય શબ્દો ઓછા વાપરું છું.

બે ભાગ પાડી દો, જગત અને જગદીશ પરમાત્મા સત્ ચિત્ અને આનંદરૂપ છે. અને જગત અસત જડ અને દુઃખમય છે. તેના માટે વિચાર સાગર કહે છે કે

**अविनाशी आतम अचल जगताते प्रतिकुल।**
**अैशोज्ञान विवेक है, सब साधन के मूल॥५॥**

જગદ્ગુરુ શંકરાચાર્ય અપરોક્ષ અનુભૂતિ

**नित्यमात्म स्वरुपं हि द्रश्यं तद्विविपरीतम्।**
**एवं यो निश्वयः सम्यग्विवेको वस्तुनः स वै॥६॥**

સત્, ચિત્ અને આનંદ જે વાંચે છે તે પોતાનું સ્વરૂપ છે. કારણ કે ચેતન વગર "હું" વૃત્તિ બને નહિ, પણ તમે 'હું' કોને કહો છો ? તે બહુ મહત્ત્વની વસ્તુ છે. તમે 'હું' એક છો. પરંતુ પતિ સામે પત્ની છે પત્ની પાસે પતિ છે દિકરી સામે માતા છે. દીકરી સામે પિતા છે ભાઈ સાથે ભાઈ છે. સાળા સાથે બનેવી છે અને બનેવી સાથે સાળા. આ બધું જ કલ્પના છે. પછી આવેલું છે. જે મોટાભાઈ અને ભાભી પરદેશ રહેતા હોય નાના ભાઈના લગ્ન દેશમાં થાય જેઠાણીનો આરોપ પરદેશમાં લાગી ગયો. આ બધા વાર્ચ્યાર્થ ને બાદ કરી કેવળ 'હું' ત્રણ અવસ્થાનો સાક્ષી છું. તેમ અનુભવ કરો. ત્રણ અવસ્થાઓ આવે છે ને જાય છે અને ત્રણ અવસ્થાઓ વ્યતિરક્ત છે. તમે તેમાં અન્વય છો.

જેવી રીતે સુષુપ્તિ એટલે ઊંઘ ગઈ. અને જાગ્રત આવી તો હું સુખે સુતો હતો તે કહેનાર કોઈ હોવો જોઈએ. સુષુપ્તિમાં મન બુદ્ધિની વ્રતિ નથી પણ તમે તો છો જ આ અનુભવસિધ્ધ વાત છે. એવું ક્યારે બને.

ખરું કે ઊંઘ આવી અને ગઈ અને મને ખબર ન રહી તો નક્કી છે કે તમે સુતા નથી પણ બુદ્ધિ સુતી છે જ્યાં સુધી જાગ્રત હોય ત્યારે સ્વપ્ન ન હોય પણ એવો કોઈ બનાવ ખરો કે સ્વપ્ન આવ્યું અને જતું રહ્યું અને તમને ખબર ન રહી ? આનો અર્થ એ થયો કે ત્રણ અવસ્થાઓમાં તમારી હાજરી છે. અવસ્થાનું હોવું ન હોવું થાય છે.

માટે તમે નિત્ય છો સત્ છો અવિનાશી છો અને ચેતન છો અનંત હોવાથી આનંદ છે.

स्वस्ति प्रजाभ्यं परिपालयन्ता
नाप्येन मार्गेण मही महीषाः ॥
गो ब्राह्मणेभ्योः शुभमस्तु नित्यं
लोका समस्ता सुखिनो भवन्तुं ॥

ॐ पूर्णमदः पूर्णमिदम् पूर्णात् पूर्णमुदश्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥
हरि ॐ श्री गुरुवे नमः हरि ॐ

## કર્મ - ભકિત - જ્ઞાનયોગ

રેખાબેન આર. મચાણી
ભાવનગર

જય શ્રી સચ્ચિદાનંદ

પરમ આદરણીય પૂજનીય, પરમકૃપાળુ, પરમહંસ, પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ અનંત શ્રી વિભૂષીત મહામંડલેશ્વર સ્વામીજી શ્રી જગદીશાનંદસાગરજી મહારાજના ભાવનગર મુકામે શ્રીમાધવાનંદ આશ્રમે કરેલ સત્સંગ કથા પ્રવચન.

પ્રિય સજ્જનો,

આ સંસારની અંદર આવવાનું કારણ છે અજ્ઞાન. જ્ઞાન કેમ પ્રાપ્ત થઈ શકે ? તો ભારતીય સંસ્કૃતીની અંદર અનેક પ્રકારના ઉપાયો બતાવ્યા છે. કર્મયોગ, ભકિતયોગ, જ્ઞાનયોગ, (કર્મકાંડ, ભકિતકાંડ અને જ્ઞાનકાંડ) ૮૦ % કર્મ કરી જીવવાવાળા છે. સંસારનું સુખ મેળવે છે પણ સંસારનું સુખ મેળવ્યા પછી કયાં જવું પડે ? એના માટે ભકિતમાં જવું પડે. પરલોક એટલે ત્યાં પૂણ્યકર્મ ફળ પૂરુ થયા પછી આ લોક-મૃત્યુલોકમાં જન્મ લેવો પડે છે.

જેમ ફરવા જાય ત્યારે ખીસ્સુ ભર્યું હોય પણ ખીસ્સુ ખાલી થાય ત્યારે પાછુ આવવું પડે છે એમ પૂણ્ય ભોગવવાથી પુરા થઈ જાય છે. ત્યાં નવા પૂણ્ય થઈ શકતા નથી. પરલોકમાં પૂણ્ય થઈ શકતા નથી. જેમ ફરવા જાવ ત્યાં કમાણી કરવા ગયા નથી એટલે કમાતા નથી તેમ પરલોકમાં પૂણ્યફળ ભોગવવા ગયા છીએ એટલે પૂણ્યફળ પૂરુ થતાં પાછુ આવવુ પડે છે.

નહુસ રાજા ઈન્દ્ર થયા. કેમ કે ઈન્દ્રએ વિશ્વરૂપ ગુરૂનું મસ્તક કાપી નાંખ્યુ તેથી બ્રહ્મહત્યા થઈ એટલે બ્રહ્મહત્યા ઈન્દ્રની પાછળ આવી અટલે ઈન્દ્રરાજા ઈન્દ્રાસન છોડી ભાગી ગયા એટલે તેની જગ્યા ખાલી પડી ત્યાં નહુસ રાજાને તે ગાદી આપવામાં આવી. હવે ઈન્દ્રની પત્ની સચીને નહુસ રાજાએ સમાચાર મોકલ્યા કે તમે મારી પાસે ઈન્દ્રાસન પર બેસવા આવો. ઈન્દ્ર ભડકે છે એટલે તેની પત્નીએ ના પાડી. પણ ધર્મ સંકટ આવ્યુ કે નહુસની પાસે ઈન્દ્રાસન પર બેસવા જાય તો પોતાનું સતીત્વ ખંડીત થાય અને ન જાય તો નહુસ રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન થાય અને અપમાન થાય. આ ધર્મસંકટના ઉપાય માટે સચીએ બૃસ્પતી ગુરૂને પૂછ્યું શું કરું હુ ? ત્યારે બૃહસ્પતી ગુરૂએ કહયું કે તેડવા આવે તો જવું એટલે સચીએ કહેવડાવ્યું કે પાલખી લઈને આવો તો આવું . નહુસ રાજાએ પાલખી લઈને જવાનું નકકી કયું. ઋષિ મુનિઓને પાલખી ઉપાડવા કહયું. ઋષીમુનીઓ પાલખી લઈને જતાં હતા. ત્યારે ધીમે ચાલતા હોવાથી નહુસ રાજાને થયું કે હું કયારે આવી રીતે પહોંચીશ અને ઋષીમુનીઓને ઠેબું પગ વડે માર્યું, ઠેબુ મારીને કહયું સર્પતુ, સર્પતુ (અટલે જલ્દી ચાલો, જલ્દી ચાલો) તો જે ઋષીમુનીઓને નમવાને યોગ્ય હતુ તેને ઠેબુ માર્યુ. એટલે ત્યારે ઋષીમુનીઓએ કહયું કે તું સર્પ થા. અટલે અજગર થઈને નહુસ રાજા નીચે પડયા.

શ્રી કૃષ્ણ ભગવાને કહયું આ લોકથી પરલોક (બ્રહ્મલોક) સુધીના બધા જ જીવ પુનરાગમનવાળા છે એક જ જીવ જે મારા પદને પ્રાપ્ત થાય છે પરમાત્મા રૂપને પ્રાપ્ત કરે છે તે મુકત થાય છે.

મૂળ કહેવાનો મતલબ અભિમાન જો દૂર થાય તો કર્મકાંડમાં સ્વર્ગ વગેરે ઈચ્છાથી કર્મકાંડ કરે તો સ્વર્ગ મળે પણ પાછું દુઃખમાં આવવું પડે.

ભકિતયોગ :- ભગવાન મેળવવા છે કે ભગવાનરૂપ (ભકિતરૂપ) થવું છે. ભગવાન તો મળેલા

જ છે. ભગવાનરૂપ થવાનું છે.

જેમ નદી પોતાનું રૂપ છોડી સાગરમાં ભળી જાય તો સાગરરૂપ બની જાય છે. નદીઓ બધી પોતાનું નામ અને રૂપ છોડી કેટલા કીલોમીટર લાંબી હોય પણ સાગરમાં ભળી જાય છે.

**''જેમ સરીતા સાગરમાં જઈ ભળે**
**તેનું નામ નદી ટળી જાય બ્રહ્મરસ પીજીએ''**

એમ નામરૂપ છોડી જીવ પરમાત્મારૂપ બની જાય પણ બધાથી ભકિત થઈ શકતી નથી. કેટલા ભજન કરતા હશે ?

ભગવાન શ્રી કૃષ્ણએ કહયું કે હજારો મનુષ્યો છે એમાંથી કોઈક જ મને પ્રાપ્ત કરવાને માટે મહેનત કરે છે અને એમાં કોઈક જ મને તત્વથી જોઈ શકે છે. જેમ પહેલા ધોરણમાં (સ્કૂલમાં) કેટલા છોકરા હોય પછી દસમાં ધોરણમાં કેટલા જાય ? એમાંથી બારમાં ધોરણમાં કેટલા જાય અને એમાંથી ડોકટર કેટલા બને ? ડોકટર બનવું સારું પણ બધા ડોકટર બની શકતા નથી એમ ભગવાન કહે છે કર્મભકિતવાળા કોઈક જ મને જાણી શકે છે. એક નહિ, બે નહિ, બહુ જન્મને અંતે જ્ઞાન પ્રાપ્ત થઈ શકે. કયું જ્ઞાન ? આખુ જગત વાસુદેવરૂપ સમાન છે. એમ જાણવાવાળા કોઈક જ હોય , એને માટે જો જ્ઞાન થાય તો. જ્ઞાન વગર એ કઠિન છે. પરમાત્માએ બધી જ સામગ્રી આપી છે. શરીર, મન અને બુદ્ધિ આપ્યા છે. તો શરીર વડે કર્મયોગ (સત્કર્મો) કરવાથી, મનથી ભકિતયોગ અને બુદ્ધિથી જ્ઞાનયોગ આ ત્રણેય પ્રકારના યોગ સિધ્ધ થાય છે. એટલે મળ, વિક્ષેપ અને આવરણ (અશુધ્ધી, ચંચળતા, અજ્ઞાન) નામના ત્રણેય દોષોને નિવારી શકાય છે. આ ત્રણેયનું નિવારણ કરવા કર્મયોગ, ભકિતયોગ, જ્ઞાનયોગ છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ૧ થી ૬ અધ્યાય કર્મયોગ, ૭ થી ૧૨ અધ્યાય ભકિતયોગ અને ૧૩ થી ૧૮ અધ્યાય જ્ઞાનયોગના દર્શાવ્યા છે.

કર્મયોગ દ્વારા અંતઃકરણ શુદ્ધ થાય અને કર્મ, ફળની ઈચ્છા કર્યા વગર કરીએ તો અંતઃકરણ શુદ્ધ થાય અને મળ નામનો દોષ દૂર થાય. પરમાત્મા હૃદયમાં છે પણ એની અનુભૂતિ ન થવાનું કારણ અંતઃકરણ અશુદ્ધ છે શાસ્ત્રકારો કહે છે.

**તારો પ્રભુ તાર હૃદયમાં બિરાજે,**
**અંતર પટ જો ખોલી**
**હૃદયમાં વસ્તુ છે અનમોલ**

જ્યાં સુધી હૃદયમાં કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર હોય ત્યાં સુધી હૃદયમાં ભગવાન દેખાતા નથી. જેમ બાથરૂમમાં ગરમ પાણીની વરાળથી અરીસા પર બાષ્પ જામી જતાં આપણું શરીર ચોખ્ખુ દેખાતું નથી. આંધળુ દેખાય છે. તેવું અંતઃકરણમાં છે.

**''માયા પડદો દૂર કરે તો**
**બ્રહ્મ જણાય સ્પષ્ટ જો ને''**

માયા પડદો દૂર થાય તો જેવું છે તેવું દેખાય. અંતઃકરણ શુદ્ધ તો ભકિત કરવાની ભાવના થાય મન શુદ્ધ તો કથરોટ મેં ગંગા. ઘેર બેઠા પણ ગંગા માનીને નાહી શકાય. જેમ હરદ્વાર જાય પણ હર કી પેડી સ્નાન ન કરે. એમ જયાં સુધી ભાવના ન હોય તો ભકિત ન થાય પણ ઘેર બેઠા સ્નાન કરતી વખતે શ્લોક બોલીને ન્હાવ તો પણ ઘેર બેઠા ગંગા સ્નાનનો લાભ મળે. પણ અંત : કરણ શુદ્ધ છે એને એ લાભ મળે. અંતઃકરણ શુદ્ધ હોય તો ઉન્નતી થાય.

**''શુદ્ધ ચિત્ત વિના, શુદ્ધ ચિત્ત વિના,**
**જપ તપ તિરથ વ્રત કર્યે શું થાય ?**
**પ્રભુ જ્ઞાન વિના, પ્રભુ જ્ઞાન વિના**
**અંતરનો અંધકાર કદી નવ જાય.**
**શુદ્ધ ચિત્ત વિના શુદ્ધ ચિત્ત વિના.....**

કેવળ મળ નામનો દોષ દૂર કરવા માટે આ સાધનો છે. પણ નિષ્કામ કર્મ કરો તો અંતઃકરણ શુદ્ધ થાય. અંતઃકરણ શુદ્ધ થાય કેવી રીતે ? તો એના માટે ધીરે ધીરે ભકિત થાય તો. રસ્તામાં ઘણીવાર મંદીર આવે પણ કેટલી વાર અંદર નમન કરવા જાય છે ? પણ એ અંતઃકરણ શુદ્ધ ન હોય એટલે. અંતઃકરણ શુદ્ધ થાય તો ભગવાનની ભકિત કરવાની ઈચ્છા થાય.

**થોડી સેવા કરી ફળ માંગે,**
**વચનની રાખે આશ જોને,**
**એવા જનને સાધુને સંગ,**
**જ્ઞાન ન થાય જોને**

કેમ જ્ઞાન ન ઉતરે ? પણ પાત્ર ખાલી હોય તો જ્ઞાન ઉતરે પણ પાત્ર અશુદ્ધિઓથી (કામ, ક્રોધ, લોભ, મોહ, રાગ, દ્વેષ, અહંકાર)થી ભરેલું છે. જેમ ટીપમાં જુના ઘઉં ભર્યા છે તો એમાં નવા ઘઉં ભરવા હોય તો

ટીપ ખાલી કરવું પડે. એમ અંતઃકરણરૂપી પાત્રમાં જ્ઞાન ભરવું છે પણ ભર્યું છે શું ? રાગ, દ્વેષ, ઈર્ષા, અહંકાર, અહંતા, મમતા, કામ, ક્રેધ, લોભ, તો.

**સાફૂટને સંગત કેમ ગમશે ?**

**ઉંધે ઘડે તે ઉદક કેમ ભરશે**

**એમ પાત્ર વિના રસ કેમ ઠરશે ?**

**અજ્ઞાની જીવ અજ્ઞાની જીવ**

**સંગ કરે સાચો પણ રંગ ચેડ નહીં.**

તો નિષ્કામ કર્મ કઈ રીતે કરવા ?

નિષ્કામ કર્મયોગ કરવા ચાર બાબત બતાવી. ગીતામાં ભગવાને કહયું હે અર્જુન જે કંઈ કર્મ કર તે મને અર્પણ કરીને કરે.

સમજવાનું છે કે ભગવાન માટે કરો તે બધું જ તમને મળવાનું છે. જેમ, ભોગ ધરાવો છો ભગવાનને, તો ભગવાન ખાય જાય છે ? એ કોને ખાવાનું છે ? એ આપણે જ ખાવાનું છે. ભગવાન તો માત્ર ભાવનાના ભૂખ્યા છે. હૃદયની અંદર ભાવના થવી જોઈએ કે હું બધું જ ભગવાનને માટે જ કરું છું. જે જે કર્મ કરું છું તે તમને અર્પણ કરું છું. ખાઉં છુ તો હે ભગવાન હું તમને જ માડું છુ. જો હું ખાઉં છુ એવી ભાવના હોય તો શરીર વધે અને અહંકાર ઉત્પન્ન પણ થાય. પણ જો ભગવાનને જ જમાડવાની ભાવના હોય તો પેટ પણ ભરાય અને ભકિત પણ થાય. જે મંદિરમાં દેવની સ્થાપના કરી તેને દેવાલય કહેવાય. તો દેહ જે છે એ મંદિર છે. જીવ છે એ સાક્ષાત્ શિવ છે. આ જ્ઞાનથી શિવને નવરાવવાનો ભાવ કરો તો લાભ મળે. મારા હૃદયમાં સાક્ષાત્ શિવ, રામ, ગોપાલ, અંબા જે માનો તે ભાવ કરો તો ઘેર બેઠા ભગવાનને સ્નાન કરાવવાનો લાભ મળે. શાસ્ત્રકારો કહે છે કે સૂતી વખતે હું સમાધીમાં જાઉં છુ એમ વિચારો તો સમાધી થઈ જાય પણ ઉંઘ નથી આવતી એવો વિચાર આવે તો ઉંઘવાની ગોળી લેવી પડે. છ કલાક સૂઈ જતાં બેટરી ચાર્જ થઈ જાય અને સવારમાં ઉઠી જઈ અને તાજા માજા થઈ જાવ. તો સમજીને સમાધીમાં જાવ તો આત્માના સ્વરૂપમાં તો જવું પડે પણ કોઈ સમજીને જાય કોઈ થાકીને, કોઈ ગોળી ખાઈને, કોઈ બોટલ પીને ઉંઘે છે. જે ક્રિયા કરો છો તે સમજીને પરમાત્મારૂપે કરો તો ભકિત થઈ જાય. ભકિત કરવાથી મન સ્થિર થાય છે. તો મન સ્થિર થાય તો જ્ઞાન ઉતરે.

મનુષ્ય જન્મ જાગવા માટે છે બાકી બીજી યોનિમાં જન્મ ઉંઘવા માટે છે. માટે હે મનુષ્યો તમે ઉઠો અને જાગો. જે જાગ્યા છે એ જ લાભ મેળવી શકે છે.

**''ઉઠે જાગ મુસાફીર ભોર ભઈ,**

**અબ રૈન કહાં, જો સોવત હૈ,**

**જો સોવત હૈ સો ખોવત હૈ,**

**જો જાગત હૈ સો પાવત હૈ,**

**ઉઠ જાગ મુસાફીર ભોર ભઈ..**

કેવલ મનુષ્ય જન્મ છે એ જાગવા માટે છે. એટલે જગતમાં જાગેલો કોણ છે? જેને સત્-અસત્નો વિવેક છે એ જાગેલો છે. પશુ, પક્ષી યોનિમાં આ સમજાતું નથી. એટલે સમજવાનો પ્રયત્ન ન કરીએ તો પશુસમાન છીએ. વેદો કહે છે ઊઠો અને જાગો. નક્કી કરો પહેલા ઉઠાય કે પહેલા જગાય ? એકેય નહિ કરી શકો. આળસમાંથી ઉઠવાનુ અને અજ્ઞાનતાથી જાગવાનું કેમ કે અનાદિકાળથી અજ્ઞાનથી ઉંઘે છે.

**અનેક જન્મનો ઉંઘ્યો પ્રાણી, કેમ કરીને જાગે,**
**કર્મઘેનુનું ઘારણ પડીયું, નિંદ્રા નવ ત્યાગે, અનેક**

માટે હે જીવ ગુરૂ કહે છે.

**''જન્મોજન્મથી ઉંઘતો તું આવ્યો,**
**પ્રભુ ભજવાનો તને લાગ ન ફાવ્યો.**
**વાતુના વાયદા હવે કરીશ ના**
**દીઘેલા કોલને જો જે ભૂલીશ ના,**
**ઊંઘમાને ઉંઘમાં બઘુ ગુમાવ્યું,**
**મેળવેલું ઘન તો ઘૂળમાં મિલાવ્યુ.**
**દીવો છે હાથમાં ને કૂવે પડીશ મા,**
**દીઘેલા કોલને જો જે ભૂલીશ ના.''**

તો કોલ દઈને આવ્યા છીએને ઉંઘા લટકતા હતા માતાના ઉદરમાં ત્યારે

**''આવ્યા કોલ કરી, અહીંયા ગયા ફરી,**
**યમરાજાના તેડા આવ્યા, ગોવિંદના ગુણ ન ગાયા**

તેને માટે કહે છે. ગુરૂના શરણે જવું.

**ગરૂથી જેને જ્ઞાન થયું છે તેને છે નિરાંત જોને''**

જ્ઞાન પ્રાપ્ત કરવાથી જીવ જન્મ-મણના ચક્કરમાંથી છૂટી શકે છે. બધું જ પરમાત્મા સ્વરૂપ છે. એક જ પરમાત્મા બધા જીવમાં રહેલા છે એ જ્ઞાન થાય તો જીવ જન્મમરણના ચક્કરમાંથી છૂટી શકે છે.

જય સચ્ચિદાનંદ

॥ ૐ શ્રી સચ્ચિદાનંદાય નમઃ ॥ **સુરત શહેરના આંગણે** ॥ ૐ શ્રી સદ્‌ગુરૂ પરમાત્મને નમઃ ॥

# શ્રી ગુરૂપૂર્ણિમા મહોત્સવ તેમજ ચાતુર્માસ



**પ.પૂ.શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજ**



**મહોત્સવના અધ્યક્ષશ્રી**



**પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ**

**શ્રી સુરત શહેરથી લી. સ્વામીજી મહારાજશ્રીના ચરણોપાસક સેવક સમસ્તના સવિનય સાદર ઘણા હેતથી જય શ્રી સચ્ચિદાનંદ વાચશોજી.**

જય શ્રી સચ્ચિદાનંદ સાથ જણાવતા આનંદની લાગણી અનુભવીએ છીએ કે આ વર્ષમાં પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ **સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રી**ની મહતિઅનુકંપાથી તેમજ પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર **સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રી**ના આશિર્વાદથી સુરત મુકામે સુર્યપુત્રી તાપી મૈયાની ગોદમાં સંવત ૨૦૭૩ અષાઢ સુદ પૂનમ ગુરૂ પૂર્ણિમા તા.૦૯-૭-૨૦૧૭ રવિવારના પવિત્ર દિવસે પરમ પૂજ્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર **સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ** વેદાન્તાચાર્યની અધ્યક્ષતામાં ગુરૂપૂર્ણિમા મહોત્સવ ધામધુમથી ઉજવાશે.

તેમજ પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર **સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ** વેદાન્તાચાર્યશ્રીનું પવિત્ર ચાતુર્માસ સુરત શહેરમાં સંવત ૨૦૭૩ અષાઢ સુદ પૂનમ તા. ૦૯-૭-૨૦૧૭ થી ભાદરવા સુદ પૂનમ તા. ૦૬-૯-૨૦૧૭ સુધી રાખેલ છે. તો પવિત્ર ચાતુર્માસ દરમ્યાન સંતોના દર્શન તેમજ પ્રવચનનો અમુલ્ય લાભ લઈ પુણ્યના ભાગીદાર થવા અવશ્ય પધારશોજી.

**મહોત્સવ સ્થળ**

**શ્રી માધવાનંદ આશ્રમ**
**કરાડાગામ, તાપી કીનારે, સુરત**

**સંપર્ક**

**શ્રી લવજીભાઈ દડવા – ૯૮૯૮૩ ૭૬૬૬૧**
**શ્રી વશરામભાઈ નાવડા – ૯૮૭૯૬ ૧૯૦૩૩**
**શ્રી નાગજીભાઈ ચોગઠ – ૯૯૧૩૧ ૪૪૯૬૧**

**નિમંત્રક** **સમસ્ત શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ સુરત**

## સત્સંગ સમાચાર

### પવિત્ર ચાતુર્માસ પ્રસંગે શોભાયાત્રા તા. ૦૮-૭-૨૦૧૭ ને શનિવાર

**પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર માધવપિઠાધીશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીનું પવિત્ર ચાતુર્માસ પ્રસંગે શુભ પ્રવેશ સમય બપોરે ૩.૦૦ કલાકે**

**સ્થળ : એ-૧૦૨, ધી કેન્ડલવુડ, સીલ્વર સ્ટોન રીવરની બાજુમાં, જાગીરીની વાડી પાસે, માધવાનંદ આશ્રમ રોડ, કતારગામ પાછળ, સુરત. શ્રી વશરામભાઈ પ્રાગજીભાઈ અણઘણ (નવા નાવડા) ના ઘરેથી નીકળી શ્રી માધવાનંદ આશ્રમ તાપી કિનારે જશે. મો. ૯૮૭૯૬ ૧૯033**

### ગુરૂ પૂર્ણિમા મહોત્સવ કાર્યક્રમ તા. ૦૯-૭-૨૦૧૭ ને રવિવાર

| | | |
|---|---|---|
| પ્રાતઃ કાલ | : ૫-૩૦ થી ૬-૦૦ | પ્રભાતિયા |
| સવારે | : ૬-૦૦ થી ૭-૩૦ | શ્રી ગુરૂગીતાનો નાનો-મોટો પાઠ |
| સવારે | : ૭-૩૦ થી ૮-૩૦ | નાસ્તો |
| સવારે | : ૮-૩૦ થી ૯-૩૦ | શ્રી સદ્‌ગુરૂ પૂજન વિધિ |
| સવારે | : ૯-૩૦ થી ૧૧-૩૦ | સંતોના આશીર્વાદ પ્રવચન |
| બપોરે | : ૧૧-૩૦ કલાકે | મહાપ્રસાદ |

### ચાતુર્માસ દરમ્યાન સત્સંગનો સમય


સવારે : ૬.૦૦ કલાકે ગુરૂગીતાનો પાઠ
બપોરે : ૩.૩૦ થી ૪.૦૦ ભજન, કિર્તન
બપોરે : ૪.૦૦ થી ૫.૦૦ પ્રવચન
સાંજે : ૫.૦૦ થી ૫.૩૦ આરતી - દંડવત

## વેદ રહસ્યની માહિતી

**તંત્રી સ્થાનેથી**


આથી સર્વે સેવક ભાઈઓને જણાવવાનું કે શ્રી માધવ ગુરૂકુળના ટ્રષ્ટિશ્રી કાળુભાઈ એ. કોશિયા તેઓશ્રીએ આપણા માસીક મેગેઝીન (વેદ રહસ્ય)ને ધમધમતું બનાવવા ૨૦૧૬ના વર્ષમાં ૩૮૫ આજીવન સભ્યો બનાવ્યા. જેવોશ્રીએ અથાગ મહેનત કરી અને આ વર્ષે પણ એટલે કે ૨૦૧૭ના વર્ષમાં ૧૦૦ આજીવન સભ્યો બનાવ્યા. તો આ એક પ્રેરણા લેવા પાત્ર છે જેને ખબર હોય કે આ સેવક વેદ રહસ્યના આજીવન સભ્ય નથી તો તેને આજીવન સભ્ય થાવ પ્રેરણા કરે અને જેની પાસે સગવડ ન હોય તેને પોતાના ખર્ચે ઓછા માં ઓછા પાંચ આજીવન સભ્ય બનાવવા. આપણા તંત્રીશ્રીએ ઘણી વખત તીથીઓમાં કહ્યું છે તેમાંથી આપણા શ્રી માધવ ગુરૂકુળના ટ્રષ્ટિશ્રી કાળુભાઈ એ. કોશિયાએ સાંભળ્યું. તેમજ આ વર્ષે બીજા એક મુકેશભાઈ શામજીભાઈ કોશીયા (ચોગઠ)ની દીકરી કુ.ડીનલબેન (ચોગઠ - હાલ કેનેડા) તેઓશ્રીએ પોતાના ખર્ચે ૧૧૧ - એક સો અગિયાર વાર્ષિક સભ્ય બનાવ્યા અને એવા ત્રીજા શ્રી સંજયભાઈ ભગવાનભાઈ ઘેવરીયા (પાલડી- હાલ સુરત) તેઓશ્રીએ ૧૫ - પંદર આજીવન સભ્ય બનાવ્યા. તો આ આપણા ત્રણેય સેવકશ્રીઓએ પૂજ્ય સ્વામીજીની સેવા માનીને ગુરૂના ઋણમાંથી મુકત થવા આ કાર્ય ઉઠાવ્યું છે. તો સર્વે સેવક ભાઈ-બહેનો ધ્યાન આપે કે જે આજથી ૩૮ વર્ષ પહેલા પૂજ્ય સદ્‌ગુરૂવર્ય સ્વામીજી મહારાજશ્રીએ નવી પેઢીનો વિચાર કરીને આ પુસ્તિકા પ્રગટ કરી અને સર્વે સેવક ભાઈ-બહેનોએ તેનો અવશ્ય લાભ લેવો જોઈએ. પણ આજે ૩૮ વર્ષમાં ૩૮૦૦ સભ્ય પણ બન્યા નહીં. તો આ એક આપણી કમજોરી (નબળાઈ) કહેવાય માટે ખાસ સેવકને તો આજીવન સભ્ય થઈ અને વેદ રહસ્ય મંગાવવું જ જોઈએ. રૂા.૧૫૦૦/- ના તો એક મહીનામાં માવા ખાઈને શરીર બગાડે છે પણ રૂા-૧૫૦૦/- ભરીને વેદ રહસ્ય મંગાવી શકતા નથી અને સ્વમીજીના કાર્યક્રમ માટે બીજા સેવકને અથવા પૂજ્ય સ્વામીજીને ફોન કરે કે પૂજ્ય સ્વામીજીનો શું કાર્યક્રમ છે તે પૂછવું પડે તેના કરતા આજીવન સભ્ય બની જવું ઉત્તમ છે અને જે આજીવન સભ્ય સ્વર્ગ વાસ થયેલ હશે તેનું લવાજમ પૂરુ થયું ગણાશે. તેથી નવું લવાજમ ભરવા નમ્ર વિનંતી.

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ



- પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રી તા.૮/૭/૧૭, શનિવારે સુરતના આંગણે પધારશે.
- સુરત શહેરનાં આંગણે પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં તા. ૯/૭/૧૭, રવિવારનાં રોજ ગુરૂ પૂર્ણિમાં મહોત્સવ ધામધૂમથી ઉજવાશે.
- તેવોશ્રી - સંવત ૨૦૭૩ અષાઢ સુદ પૂનમ તા. ૯/૭/૧૭ રવિવારથી ભાદરવા સુદ પૂનમ તા. ૬/૯/૧૭ બુધવાર સુધી સુરતનાં આંગણે ચાતુર્માસ કરશે.

## પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ



- ૪/૭/૨૦૧૭ - પીપળીયા - પ.પૂ. પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ સદ્‌ગુરૂ ભગવાનની જન્મભૂમિ પીપળીયા ગામે (સુદ અગિયારસ)નાં ઉત્સવમાં હાજર રહી સત્સંગનો લાભ આપશે. સમય : સવારે ૯ થી ૧૨
- ૯/૭/૨૦૧૭ - રવિવાર ચાતુર્માસ નિમિત્તે ગુરૂ પૂનમના ઉત્સવ માટે “અખંડધામ” શ્રી માધવાનંદ આશ્રમ આદીવાડા પધારશે.
- ૨૪/૭/૨૦૧૭ - સીધ્ધપુર પધારશે. ભગવદ્‌ગીતા જ્ઞાનયજ્ઞ પોથીયાત્રા - તા. ૨૪/૭/૧૭ સવારે ૯ થી ૧૦.૩૦ કથાનો સમય : સવારે ૯ થી ૧૨ અને સાંજે ૩ થી ૬ રહેશે. કથા પૂર્ણાહુતિ તા. ૧/૮/૧૭ સમય બપોરે ૧૨ કલાકે
- ૩/૮/૨૦૧૭ - પીપળીયા નિયમીત ઉજવાતી એકાદશીના ઉત્સવમાં હાજર રહેશે.



## પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો ચાતુર્માસ કાર્યક્રમ હરિદ્વાર મુકામે થશે

ચાતુર્માસ વાતાનુષ્ઠાન :- સંવત ૨૦૭૩ અષાઢ સુદ પૂર્ણિમા થી ભાદરવા સુદ પૂર્ણિમા, તદનુસાર તા. ૯/૭/૧૭ રવિવાર થી ૬/૯/૧૭ બુધવાર સુધી

દૈનિક કાર્યક્રમ :- સવારે : ૫-૪૫ થી ગુરૂગીતા પાઠ, ૬-૪૫ થી ઉપનિષદ્ ભાષ્ય પ્રવચન, સાંજે : ૫-૩૦ થી ગીતા ભાષ્ય પ્રવચન, ૬-૩૦ થી આરતી ઘોળ પ્રાર્થના તથા શ્રી શિવમહિમ્ન સ્ત્રોત પાઠ, રાત્રે ૯.૩૦ થી ભજન કીર્તન

સ્થળ : શ્રી માધવાનંદ આશ્રમ, દક્ષેશ્વર રોડ, જગજીતપુર, કનખલ, હરિદ્વાર-૨૪૯૪૦૮

સંપર્ક : મો. ૦૯૪૧૧૫૦૧૬૮૨, ફો. ૦૧૩૩૪ ૨૪૬૬૭૫

સર્વે સેવકોને લાભ લેવા હાર્દિક આમંત્રણ છે.







પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રી દડવા ગામમાં તા. ૧૩-૧૪-૧૫ જૂન ૨૦૧૭ નાં રોજ પધારી ગામને પાવન કર્યું હતું તેમજ સંત્સંગનો લાભ મોટી સંખ્યામાં ભાઈ-બહેનોએ લીધો હતો.

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

**Printed Book**










સુરત શહેરનાં આંગણે પટેલ સમાજની વાડીમાં આંબા તલાવડી તા. ૧૧/૦૬/૧૭ને રવિવારના શુભ દિવસે
પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાંતચાર્યશ્રીના વરદ હસ્તે
''સંસ્કારોના દસ્તાવેજ'' પુસ્તકનું વિમોચન કર્યુ હતું. પ્રકાશક : હસમુખભાઈ ગોરધનભાઈ કોશીયા ચોગઠવાળા

**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**

: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-